પારસમણી

ભજનસંગ્રહ.

છપાવી પ્રસિદ્ધ કરનાર

બુકસેલર શાકરલાલ બુલાખીદાસ.

ઠે. રીચીરોડ—અમદાવાદ.

સંવત ૧૯૭૩ સને ૧૯૧૭

આવૃત્તિ ૩ જી. પ્રત ૩૦૦૦

અમદાવાદમાં ખજુરવાળા પાસે ચુડીઓળમાં નંબર ૨૭૪૩
ના મકાનમાં આવેલા ધી રત્નસાગર પ્રીન્ટીંગ પ્રેસમાં
શા. અમરતલાલ જેશીંગભાઇએ છાપી.

કીમત. ૦—૮—૦

પારસમણી

ભજન સંગ્રહ.

સંતો અમો વહેવારીઆ, શ્રી રામનામના રે; (ટેક.)
વેપારી આવે છે બધા, ગામ ગામના રે. સંતો૦ ૧
અમારૂં વસાણું સંતો, સૌકોને ભાવે;
અઢારે વરણ જેને, હોરવાને આવે. સંતો૦ ૨
લાખ કરોડે લેખા નહિ, ને પારવિનાની પુંજી;
હોરવું હોયતો હોરી લેજો, કસ્તુરી છે સોંઘી. સંતો૦ ૩
આવરો ને ખાતાવહીમાં. લક્ષ્મીવરનું નામ;
ચીઠીમાં ચત્રુભુજ લખીયા, નરસિંહાનુ કામ. સંતો૦ ૪

જેને ઘેર હરીજન હરિ જસગાય,તેતોનિત્યગંગામાંનાય;
અડસઠતીરથ ગુરૂને ચરણે, દુર ગયેલું જે થાય. જેને૦
ધ્રુવ નાહ્યા પ્રહલાદ નાહ્યા, હેતે નાહ્યા હનુમાન;

પ્રીત કરી પરીક્ષત નાહ્યા, જોગી શુકદેવ ગાય. જોને૦
સહુ સંત મળી ધારણ બાંધ્યું, જ્ઞાન ગંગા તોલાય;
જપતપતીરથજોડે મળ્યા,તેમાં સર્વ સાધનમળીજાય.જો૦
ભલેમળ્યામેતાનરસિંહના સ્વામી,હેતે હરીના ગુણગાય;
જ્ઞાન ગંગાનો મહિમા મોટો, મુખે કહ્યો નવ જાય. જો૦

હરીનો મારગ છે શુરાનો, નહિ કાયરનું કામ; જોને૦
પરથમ પહેલું મસ્તક મુકી, વળતી લેવું નામ. જોને૦
સુત,વિત,દારા,શીશ સમરપે,તે પામે રસ પીવા; જોને૦
સિંધુ મધ્યે મોતી લેવા, માંહિ પડ્યા મરજીવા. જોને૦
મરણ આહરે તે ભરે મુઠી, દિલની દુગ્ધા વામે; જોને૦
તિરે ઉભો જુવે તમાસો, તે કોડી ન પામે જોને૦
પ્રેમ પંથ પાવકની જ્વાળા, ભાળી પાછા ભાગે; જોને૦
માંહી પડ્યા તે મહાસુખ માણે, દેખનારા દાઝે. જોને૦
માથા સાથે મોંઘી વસ્તુ, સાંપડવી નહીં સહેલ; જોને૦
મહાપદ પામ્યા તે મરજીવા, મુકી મનનો મેલ. જોને૦
રામ અમલમાં રાતા માતા, પુરા પ્રેમી પરખે; જોને૦
પ્રીતમના સ્વામીની લીલા,તે રજની દીન દેખે. જોને૦

... જતાં હજી કોઇની લાજ, જતાં નથી જાણી રે;

જેની સુરતી સામળીયા સાથ, વદે વેદ વાણી રે. (ટેક.)
વહાલે ઉગાર્યો પ્રહલાદ, હિરણાકસ્યપુ માર્યો રે;
વિભીક્ષણને આપ્યું રાજ્ય, રાવણને સંહાર્યો રે. હરી૦
વહાલે નરસિંહમહેતાનો હાર, હાથોહાથ આપ્યો રે;
ધ્રુવને આપ્યું અવિચળરાજ, પોતાનો કરી થાપ્યોરે. હ૦
વહાલે મીરાં તે બાઇનાં ઝેર, હળાહળ પીધું રે;
પંચાળીનાં પુર્યાં ચીર, પાંડવ કામ કીધું રે. હરી૦
આવો હરિ ભજવાનો લહાવો, ભજન કોઇ કરશે રે;
કરજોડી કહે પ્રેમલદાસ, ભક્તોના દુઃખ હરશેરે. હરી૦

તારા મનમાં જાણે છે મરવું નથી રે;
એવો નિશ્ચય કર્યો નીરધાર.
તેમાં ભુલી ગયો ભગવાનને રે. ટેક.
ધન દોલત નારી ને ઘણા દીકરા રે; (૨)
ખેતીવાડી ઘોડી ને દરબાર. તેમાં૦ ૧
મેડી મંદિર ઝરૂખા ને માળિયા રે; (૨)
સુખ દાયક સુંદર સેજ. તેમાં૦ ૨
ગાદી તકીયા ને ગાલમશુરીયા રે; (૨)
અતિ આડ કરે છે એજ. તેમાં૦ ૩

નીચી ખાંધ કરીને નમતો નથી રે; (૨)
એવું સાધુ સંગાથે અભિમાન. તેમાં૦ ૪
વનમાળી મોહનજી મુરતિ રે; (૨)
તેની સાથે ન લાગે તાન. તેમાં૦ ૫
પાપ અનેક જન્મનાં આવી મળ્યા રે; (૨)
તારી મતી મલીન થઇ મંદ. તેમાં૦ ૬
દેવાનંદના વહાલાને વિસરી ગયો રે; (૨)
તારે પડયો ગળે જેમ ફંદ. તેમાં૦ ૭

તારા માથે નગારા વાગે મોતના રે,
નથી એક ઘડીનો નીરધાર.
તોય જાણ્યા નહીં જગદિશનેરે. ટેક.
મોટા મેલીને રાજ મરી ગયા રે, (૨)
જોને લાગી વાર. તોય૦ ૧
તારૂં જોબન ગયુ જખમારતું રે, (૨)
માથે કાળા મટી ગયા કેશ. તોય૦ ૨
અંતકાળે લેવાને જમ આવિયા રે, (૨)
તેનો ભાળી ભયંકર વેશ. તોય૦ ૩
રોમ કોટિ વિંછુતાણી વેદના રે, (૨)

દુઃખ પામ્યો તુ દૈવના ચોર. તોય૦ ૪
સગા સ્વારથી મળ્યાં સો લુંટવા રે, (૨)
તેનું જરાએ ન ચાલે જોર. તોય૦ ૫
જીભ ટુંકી પડીને તુટી નાડીયો રે, (૨)
થયું દેહ તજ્યાનું તત્કાળ. તોય૦ ૬
દેવાનંદ કહે નવ જાણ્યા નાથને રે, (૨)
મળ્યો મનુષ્યોનો દેહ વિશાળ. તોય૦ ૭

સુખ છે તમારા શરણુમાં—હો શામળીયાજી,
એ મારા ગુરૂએ કહ્યું કરણુમાં—હો શામળીયાજી (ટેક)
જપ તપ તીરથ ચારે પદારથ (૨)
એ મારા ગુરૂના ચરણુમાં—હો શામળીયાજી. સુખ૦
પ્રેમે કરીને મારે મંદીર પધારો વહાલા (૨)
ન જોશો જાત કુળ વરણુમાં—હો શામળીયાજી. સુખ૦
બાઇમીરાં કહે પ્રભુ ગીરધરના ગુણ વહાલા (૨)
આડે આવજો મારા મરણુમાં—હો શામળીયાજી. સુખ૦

સુખ દુઃખ મનમાં ન આણિયે, ઘટ સાથે રે ઘડીયાં;
ટાળ્યાં તે કોઇના નવ ટળે, રઘુનાથના જડીયાં. સુખ૦
નળરાજા સરીખો નર નહિ, જેની દમયંતિ રાણી;

અરધે વસ્ત્રે વનમાં ભમ્યાં, ન મળ્યું અન્ન ને પાણી.
પાંચ પાંડવ સરખા બંધવા, જેની દ્રૌપદી રાણી;
બાર વરસ વન ભોગવ્યાં, નયણે નીદ્રા ન આણી. સુ૦
સીતા સરખી સતી નહિ, જેના રામચંદ્ર સ્વામીઃ
રાવણ તેને હરી ગયો, સતી મહા દુઃખ પામી સુખ૦
રાવણ સરખો રાજીયો, જેની મંદોદરી રાણી;
દશ મસ્તક છેદાઈ ગયાં, બધી લંકા લુંટાણી. સુખ૦
હરીચંદ્રરાય સતવાદિઓ, તારાલોચન રાણી;
તેને વિપત્તિ બહુ પડી, ભર્યાં નીચ ઘેર પાણી. સુખ૦
સર્વ દેવને જ્યારે ભીડ પડી, સમર્યા અંતરજામી;
ભાવટ ભાગી ભુધરે, મહેતા નરસઇનો સ્વામી. સુખ૦

હરિજન થઈને હાણવરવ, સુખદુઃખમાં ન ધારીએ;
ટાલ્યા નહિજ ટળે, ઘટ સાથે ઘડીયા હીંમત નવ હારીયે
જુઓ કદરજ મહા દુઃખીયા કહાવ્યા રે,
કદી સુખ દુઃખ મનમાં નવ લાવ્યા રે;
તોય મોહનના મનમાં ભાવ્યા રે. હરિજન૦
જુઓ પાંડવ પ્રભુજીને અતિ પ્યારા રે,
પલ એક ઘડી નવ રહે ન્યારા રે;

નોય વન ભટક્યા સંગ લઇ હારા રે. હરિજન૦
વસુદેવ દેવકીજી એઉ બંધન રહ્યા રે,
બાહુ કાળના બંધન દુર થયા રે;
પ્રભુ પુત્ર થયાને દુઃખ દુર થયા રે. હરિજન૦
એવું સમજીને હરખ ને શોક તજો રે,
એક તાર મન થઇ પ્રભુને ભજીયે રે;
કહે મુક્તાનંદ હરિને ભજીયે રે. હરિજન૦

પ્રભુએ ધાર્યું હોય તે થાય. ડહાપણુ કોઇનું કામ ન આવે. (૨)

કરોને કોટી ઉપાય--હાં રે હાં રે કરોને૦ પ્રભુ૦
ભીમ અરજુન સહેદેવ નિકુલ, પાંચમા ધર્મ કહેવાય;
એ પાંચેનાં દેખતાંજી રે, સતી કેમ તે લુંટાય. પ્રભુ૦
રામ જેવા સતપુરૂષ કહીએ, ને તે પણ વનમાં જાયઃ
સતી સીતાને કલંક ચઢાવ્યો, તો રાવણ શીર રોળાય. પ્રભુ૦

જીવતુ શીદને ચિંતા કરે, કૃષ્ણને કરવું હોયતે કરે(ટેક)
તું અંતર ઉદ્વેગ ધરે, તેથી કારજ શું સરે;
ધણીનો ધાર્યો મનસુબો, હરબ્રહ્માથી નવ ફરે. કૃ૦

દોરી સર્વની એના હાથમાં, ભરાવ્યું ડગલું ભરે;
જેવા જંત્ર વગાડે જંતરી, તેવા સ્વર નિસરે. ફૂ૦
જેવું જેટલું જે જેમ કાળે, તે તેને કર કરે;
તેમાં ફેર પડે નહિ કોઇથી, શીદ કુટાઇ મરે. ફૂ૦
તારૂં ધાર્યું થાતું હોય તો, સુખ સંચી દુઃખ હરે;
સદાકાળ એ રીત નભે નહિ, શીદ હું પદ મનમાં ધરે. ફૂ૦
થવાનું અણચીતવ્યું થાશે, ઉપનિષદ ઓચરે;
રાખ ભરોસે રાધાવરનો, દયા તું શીદને ડરે. ફૂ૦

સર્વ તજીને ભજીયે શ્રી ગોવિંદને,
જે નારાયણ નોધારાના આધારજો;
ભાંગે સંકટ કુડા રે સંસારના,
જેના નામે ઉતરિયે ભવપાર જો. સર્વ૦
અપરમાને વચને વજી વન ગયા,
નારદજીએ દીધો છે ઉપદેશ જો;
જ્ઞાન ભક્તિ વૈરાગ્ય તે મનમાં આણીયાં,
પ્રભુ ભજ્યા કાંઇ ત્યાં જઈ બાળેવેસ જો. સર્વ૦
દૈત્યપુત્ર પ્રહ્લાદજીને આગે થયા,
લાગ્યો છે કાંઇ પિતા પુત્રનો વાદજો;

સ્તંભથકી પ્રગટ્યા રે નરસિંહરૂપ ધરી,
શ્રી મહાપ્રભુજીએ દીધો તેને સાદને. સર્વ૦
લાખાગ્રહમાં પાંડવને આવી મળ્યા,
ભકતજનોને દીધી છે ઘણી ધીરજો;
સ્મરણ પહેલાં આવ્યાહો રે તમે સદા,
ભકત રે જન ઉગાર્યાં પાંચે વીરજો. સર્વ૦
સુદામાનું દરીદ્રપણું તો જાણીયું,
મુષ્ટિક તાંદુલ આરોગ્યા મહારાજજો;
દાસદયાના પ્રભુએ કરૂણા કીજીયે,
ભકત રે જનના કીધા કોટીક કાજજો. સર્વ૦

ધન્ય જેણે હરીગુણ ગાયા–સંસારીયામાં ધન્ય.
બીજા સૌ જાણજો ભવાયા–સંસારીયામાં ધન્ય.
હાથી ઘોડા ને સુખપાલ બેઠે શું થયું (૨)
શું થયું મેળવી માયા–સંસારિયામાં ધન્ય.
કંઠ સાહીને જેમ કાઢશે પલકમાં (૨)
દુર રહેશે સુત વિત જાયા–સંસારીયામાં ધન્ય.
દયા પ્રીતમ ભજો નંદના કુંવરને (૨)
સફળ થાશે તારી કાયા–સંસારીયામાં ધન્ય.

પ્રેમવીષે,

વહાલો પ્રેમને વશ થયા રાજી રે,
એમાં શું કરે પંડીત ને કાજી રે. વહાલો૦ ૧
કરમાબાઇનો આરોગ્યો ખીચડો,
ને વીદુરની ખાધી ભાજી;
એંઠા બોર સવરીના ખાધા,
વહાલે છપ્પનભોગ મેલ્યા ત્યાગી રે. વહાલો૦ ૨
વિદુરને ઘેર શ્રી કૃષ્ણ પધાર્યા,
ને કેળાં આણ્યાતા માગી;
ગર્ભ કાઢી નાખીને છાલ ખવરાવી,
વહાલે તોએ ન જોયું જાગી રે. વહાલો૦ ૩
ગુણકા હતી તે પોપટ પઢાવતી,
ને તેમાંથી લેહ લાગી;
ભગવાન હતા તે સહેજમાં મળ્યા,
એની સંસારની ભ્રમણાં ભાગી રે. વહાલો૦ ૪
ભકતની લોક નિંદા કરે,
ને જગત થયું છે બહુ પાજી;
ભલે મળ્યા મહેતા નરસિંહના સ્વામી,
માથે [illegible] રે, વહાલો૦ ૫

જે કો પ્રેમ અંશ અવતરે, પ્રેમરસ તેના ઉરમાં ઠરે. ટેક
સિંહણકેરૂં દુધ હોય તે, સિંહણસુતને જરે (૨)
કનકપાત્ર પાખે સહુ ધાતુ, ફોડી બહાર નીસરે. પ્રેમ૦
સાકરખોરનું સક્કરજીવન, ખરના પ્રાણજ હરે; (૨)
ખારાસિંધુનું માછલડું જ્યમ, મીઠાજળમાં મરે. પ્રેમ૦
સોમવલ્લી રસપાન શુદ્ધ જે બ્રાહ્મણ હોય તે કરે; (૨)
વગળ વંશીને વમન કરાવે, વેદ વાણી ઉચ્ચરે. પ્રેમ૦
ઉત્તમ વસ્તુ અધિકાર વિના મિલે, તદપિ અર્થ ન સરે;
મચ્છભોગી બગલો મુક્તાફળ, દેખી ચંચુ ન ભરે. પ્રેમ૦
એમ કોટી સાધને પ્રેમ વિના, પુરૂષોતમ પુંઠ ન કરે;
દયા પ્રીતમ શ્રી ગોવરધન ધરે, પ્રેમભક્તિયે વરે. પ્રેમ૦

રામ બાણ વાગ્યાં હોય તે જાણે,
ઓલ્યા મુરખ મનમાં શું આણે. ટેક.
ધ્રુવને વાગ્યાં પ્રહલાદને વાગ્યાં,
તો ઠરીને બેઠા ઠેકાણે;
ગર્ભવાસમાં શુકદેવને વાગ્યાં,
એતો વેદવચન પ્રમાણે,
મોરધ્વજ રાજાનું મન હરી લેવા,

હરિ આવ્યા જે ટાણે;
લઇ કરવત મસ્તકપર મેલ્યું,
ને પત્નીપુત્ર બેઉ તાણે. રામ૦ ૨
મીરાંબાઇપર ક્રોધ કરીને,
રાણાજી ખડગજ તાણે;
વીખના પ્યાલા ગીરધરલાલે આરોગ્યા,
એતો અમ્રતને ઠેકાણે. રામ૦ ૩
નરસિંહમેતાનિ હુંડી સ્વીકારી,
ખેપ ભરી ખરે ટાણે;
આગળ સંત અનેક ઓધાર્યા,
એવું ધનોભગત ઊર આણે. રામ૦ ૪

હાં રે વરતો વિઠલ વરવું છે રે,
હાંહાંરે મારે વરતો—
બીજાને મારે શું કરવું રે મારે વરતો—
નંદના કુંવર સાથે નેહડો બંધાણો હાં (ટૂ)
મારે ધ્યાન ધણીનું ધરવું છે રે.
હાંહાંરે મારે ધ્યાન બીજા ને.
અવર પુરૂષની મારે આશા કરવી રે હાં. (૧)

મારે છેડલો ઝાલીને ફરવું છે રે,
હાંહાંરે મારે છેડલો બીજાને.
સંસાર સાગરમાં મોહજળ ભરીયોરે હાં. (૨,
મારે તારે ભરોંસે તરવું છે રે,
હાંહાંરે મારે–તારે બીજાને.
બાઇ મીરાં કહે છે પ્રભુ ગીરધરના ગુણ હાં. (૨)
મારે રાસ મંડળમાં રમવું છે રે,
હાં હાં રે મારે રાસ–બીજાને.

કાયા જીવને કહે છે રે, સુણો મારા પ્રાણપતિ;
મેલી મુજને કયાં જાઓરે, આ વગડામાં અથડાતી.૧
જીવ તમારા લી ધેરે, ચાલું છું હું મદમાતી;
તમ વિના નહિ મારા રે આ દેહીના સંગાથી. ૨
જ્યારે તમેજ જાશો રે, ત્યારે તો મારી શીરે ગતી;
જયારે જાવુજ હતું રે, ત્યારેતો પ્રીત કરવી નહોતી. ૩
ઘણાં લાડ લડાવ્યાં રે, ભેગી બેશીને જમતી;
હવે કેમ તરછોડી રે, આવી કેમ ફરી મતી. ૪
કોક ગુરૂજ મળીયા રે અગમગર જેની ગતી;
કરશે બ્રહ્મ સ્વરૂપે રે, એ હું જાણતી નોહોતી. ૫

છો દેવ નીરંજન રે, મુળે મંગળ મુરતી;
તારો ભેદ ન જાણ્યો રે, એવી તારી અકળગતી. ૬
મારી કરણી ના જોશો રે હું કરજોડી કરગરતી;
મેલી માયા ને ચેતન રે, ચાલ્યા અમરાવતી. ૭
દાસ નારણસીંગ કહે છે રે ગયા પછે રહી રોતી;
ગુરૂ ગોવિંદને ભજશે રે, થશે તેની સદગતી. ૮

શ્રી વલ્લભ વિઠલ શ્રીજીસ્વામી, શામળીઆ વાલા.
સઘળુ સમજો છો અંતરજામી, નંદલાલા.
ભય તો લાગે છે મુજને ભારી, શામળીઆ વાલા.
અંતકાળે શી વલે થાશે મારી, નંદલાલા.
સેવા સ્મરણના ભારે કીધું, શામળીઆ વાલા.
રંક સાધુને દુઃખ દીધું. નંદલાલા.
હીણો શાસ્ત્રીય સહુ ધર્મ, શામળીઆ વાલા.
પરિપુરણ છું હું કર્મે, નંદલાલા.
સહુ જાણે છે ભકત સાચો, શામળીઆ વાલા.
પાખંડી પુરાતનથી કાચો, નંદલાલા.
બાંહ્ય ગ્રહ્યાની લાજ ધરજો, શામળીઆ વાલા.
પીડા ન પામું એવું કરજો, નંદલાલા.

સન્મુખ લોચનમાં આવી રહેજો, શામળીઆ વાલા
દોષ ન જોશો દરશન દેજો, નંદલાલા.
શ્રીમુખ બોલ્યા તે સાચુ કરજો, શામળીઆ વાલા.
દુઃખ દયાના સર્વે હરજો, નંદલાલા.

જીવ કાયાને કહે છે રે, હું પંખી છું પરદેશી;
એમ કયાં સુધી રહીએરે, નથી અહિંના રહેવાશી. ૧
તારા મોહના તે ફંદમાં રે, પડી અમને ફાંસી;
તારી વાસના લીધી રે, ફર્યો લખ ચોરાશી. ૨
ગુરૂએ સમજ પાડી રે, જોયું સરવે તપાસી;
નીરખ્યા બ્રહ્મ સ્વરૂપને રે; પોતાનું રૂપ પ્રકાશી. ૩
મારી કેડજ મેલો રે શાને કરો ઉદાશી;
તમને તીરથ કરાવ્યાં રે શ્રી ગંગા ને કાશી. ૪
થયા રૂપ અરૂપ રે, માયા ત્યારે દુર ખશી;
ભળ્યા તેજમાં તેજ રે, હરી જેને ગયા વશી. ૫
દાસ નારણસીંહ કહેછે રે, અચળ થયા અવીનાશી;
ગુરૂ ગોવીંદને ભજશે રે, અમરાપુરના વાસી. ૬

જોડું રે એક મેનાપોપટનું, પાંજરૂં આ કાયા કંચનનું;
મેના માયા હરીની [illegible]સી, ચેતન પોપટજી અવિનાશી;

જુઓને અંતરમાં પ્રકાશી. જોડું૦ ૧
કારીગર પુરા કહેવાતા, પચરંગી પાંજરૂં ઘડતા;
તેનામાંહી પોપટજી રહેતા. જોડું૦ ૨
ચેતનનું તો તેજ ઘણું રે તપે, શોભે પરીબ્રહ્મની રૂપે;
બેઠા રે માંહી મહામંત્રને જપે. જોડું૦ ૩
મેનારે માયાપોપટનીનજરેપડી,પોપટજીનું મનડું લેઇહરી;
પોપટજીની મત સમુળગી ફરી. જોડું૦ ૪
મેનારેનું તોઆવને ઓરી,મારી ને તારીસરખીબંનેજોડી;
મેનાએ નાંખી મોહતણી દોરી. જોડું૦ ૫
હવે મેના કહેછે પોપટને, આવીને હુંતો વરૂં છું તમને;
રખેને દગો દેતાજી અમને. જોડું૦ ૬
એવું રેસુણીપોપટથયોબેહાલ,તેમતેમમેનાકરેજઇ વા'લ;
મેના રે તને કરવાનો હું ન્યાલ. જોડું૦ ૭
હવેરેમેનાપોતેમનમાંહસીહું તોપેલાપોપટને રૂદીએ વસી;
એને રે લેઇ ફેરવું ચોરાશી. જોડું૦ ૮
પોપટજી તો ભણવું એ ભુલી ગયા,
જઇને પેલી મેનાના વશમાં રહ્યા;
પોપટજી હવે મોહ દરીઆમાં વહ્યા. જોડું૦ ૯
હવેરે મેનાપોપટજીબંનેને,બેઠારે હતા કાળ બલા ડોકને;

જઇને પેલા પોપટજીને હણ્યો. જોડું૦ ૧૦
હવેરે પોપટને લાગ્યું ખારૂં,પેલું રે સુખ કયાં ગયું મારૂં
પડે છે મારે મરવું ને અવતરવું. જોડું૦ ૧૧
ચેતન મટી જીવ સ્વરૂપે થયા,
જ્યારે પેલી માયાના વશમાં રહ્યા;
માટે રે લખ ચોરાશીમાં ગયા. જોડું૦ ૧૨
નારણસીંગ ગુરૂચરણની આશ,
માયાથકી થઇને બેઠો છું નીરાશ;
આપોને હરી ચરણ કમળમાં વાસ. જોડું૦ ૧૩

નાથ કેસે ગજકો બંધછોડાયો, એહીઅચરતમોહેઆયો
ગજ ઓર ગ્રહ લડત જળભીતરલડતલડત ગજ હારયો
જબપુરસુંઢરહી જળઉપર,તબહરી નામ પોકારયો. ૧
સવરીકે બોર સુદામાકે તાંદુલ, રૂચી રૂચી ભોગ લગાયો
દુર્યોધનકો મેવાહી ત્યાગ્યો, ભાજી વિદુર ઘર પાયો. ૨
પેઠા પાતાળ કાળી નાગ નાથ્યો, ફેણુપર નૃત કરાયો;
ગીરી ગોવર્ધન કરપર ધાર્યો, નંદ ઘેર લાલ કહેવાયો.૩
અગાસુર માર્યો બગાસુર માર્યો દાવાનલ પાન કરાયો;
સ્થંભ ફોડી હિરણ્યાકશ્યપ માર્યો નરસીંગનામ ધરાયો ૪

અજામેલ ગજ ગુણુકા તારી દ્રૌપદીકો ચીર બનાયો;
પયપાન કરતા પુતના મારી, કુબજાકો રૂપ બનાયો. ૫
દુર્યોધનકો માન ઘટાયો, મેરો ભરોસો આયો;
સબ સખીયન મીલીકંગનબાંધ્યો રેશમગાંઠ બંધાયો. ૬
છુટે નહીં રાધાજીકો કંગન કેસે એ ધનુષ ઉઠાયો;
ખોલ કોટ પાદલ ધાયો, ગરૂડકુ નાજ સંતાયો. ૭
છુટે નહીં રાધાજીકો કંગન ઓબલ કીહાં રે છુપાયો;
જોગી જાકો ધ્યાન ધરતહે ધ્યાન ધરત નહીં આયો.
સુરદાસ પ્રભુ તીહારો, મીલકું, જસોદાકી ધેન ચરાયો. ૮

દયાધરમ નહીં મનમેં, મુખડા કયા દેખે દર્પણમેં; ટેક.
જબલગ ફુલ રહે ફુલબાડી, બાસ દેહનીજ ફુલનમેં.
એકદીન એસી હોજાવેગી, ધાન ઉડેગી તનમેં. ૧
ચુવા ચંદન અબીલ અરગજા, શોભા ગોરે તનમેં;
ધન જોબન ડોંગરકા પાણી, ઢલ જાવેગા ખીનમેં. ૨
નદીયાં ગેરી હરી નાવ પુરાની, ઉતરે ચાહે સંગમે;
ગુરૂગુરૂ મુખ હોયશો પાર ઉતરે, નુગરા ડુબે ઉનમેં. ૩
કવડી કવડી માયા જોડી, સુરત હરીજન ધનમેં;
દશ દરવાજે ઘેર લીએ જબ, રહીગઈ મનકી મનમેં. ૪

પગડીયાં બાંધે પગ સવારે, તવ ઝુલ્લા ઝુલે પેમે;
કહે કબીરા સુણ ભાઇ સાધુ, એ કયા લડ રહે મનમેં. ૫

જયાં જોશો ત્યાં દુઃખીયાબાબા, એ કયા લડ રહે મનમેં,
જોગી દુઃખીયા જંગમ દુઃખીયાં, તપસીકું દુઃખ દુનાં;
આશા મનશા સબ વ્યાપી, કોઇ પહેલ નહીં સુના. ૧
રાજા દુઃખીયા પ્રજા દુઃખીયાં, દુઃખીયાં વર બૈરાગી;
દુઃખ કારણશેં શુકદેવને, ઉદરી માયા ત્યાગી. ૨
સાચ કહે તો સબ જગ દુઃખીયા, જુઠા કહી ન જઇ;
બ્રહ્મા વિશ્નુ શંકર દુઃખીયા, જીન્ને સૃષ્ટિ જમાઇ. ૩
ધુત દુઃખીયા અબધુત દુઃખીયા, કુઇ ધન રંકા;
કહત કબીરા નહીઓ દુઃખીયા, જીને મનકું જીતા. ૪

ધન્ય ડાકોર રૂડું ગામ, વસે મારો વહાલો રે;
શામળીઆજી ચતુરસુજાણ, તેને જોવા ચાલો રે. ૧
બહુ બોડાણાની પ્રીતે, પ્રભુ પધાર્યા રે;
અહીંયાં આવી ઉત્તમ કીધા, કે અધમ ઓધાર્યા રે. ૨
ઘણા પાપી તે પાવન થાય, દરશન કરતાં રે;
દુઃખ જનમ મરણનાં જાય, સામા ડગ ભરતાં રે. ૩
એવા આનંદ રૂપી અખંડ જામી રે;

વહાલો પ્રેમતણે વશ થાય, પ્રીતમજીનો સ્વામી રે. ૪
એતો ભક્તિતણો વશ થાય, પ્રીતમજીના સ્વામી રે;

ગોવીંદજી પ્રાણ અમારોરે, મને જુગ લાગ્યો ખારો રે;
મુને મારો રામજી ભાનેરે, બીજો મારી નજરે નઆવે. ૧
મીરાંબાઇના મેહેલમાં રે હરી, સંતનકો વાસ;
કપટીથી હરી દુર વસે રે, મારા સંતનકેરા પાસ. ૨
રાણોજી કાગળ મોકલે રે, દેજો મીરાંના હાથ;
સાધુની સંગત છોડી દો, તમો રાખો દુનિયામાં લાજ.૩
મીરાંબાઈ કાગળ મોકલે રે, દેજો રાણાને હાથ;
સાધુની સંગત કબહુ નછોડું, નહીં રહું તમારી પાસ.૪
વિખનો પ્યાલો રાણે મોકલ્યોરે, દેજો મીરાંને હાથ;
અમૃત કરી મીરાં પીગયાં રે, જેનો હરીએ ઝાલ્યો હાથ.૫
સાંઢવા સાંઢ શણગારજોરે, જાવું સો સો કોસ;
રાણાજીના દેશમાં રે, જળ રે પીવાનો દોષ. ૬
ડાબો ઇહલો મેવાડનો રે, મીરાં ગઇ પુરવ માંય;
સર્વ છોડી મીરાં નીસર્યાં, જેનું મનડું માયામાંહી. ૭
સાસુ અમારી સુખમણા રે, સસરો પરમ સંતોષ;
જેઠ જુગોજુગ જીવજો, મારો નાવલીઓ નિર્દોષ. ૮

ચુંદડી ઓઢું તારે રંગ ચુવેરે, રંગ સોરંગી હોય;
ઓઢું હું કાળો કાંબળો, દુજે દાઘ ન લાગે કોય. ૯
મીરાં હરીની લાડણીરે, રહેતી સંત હજુર;
સાધુજનને દલતે શું પેલો દલ કપટીશે દુર. ૧૦

માગત માંખણ રોટી,ગોપાળ પ્યારે માગત માખણરોટી;
મેરે ગોપાળજીકું રોટી બનાઉ એકછોટીને બીજી મોટી.
મેરે ગોપાળજીકું બીહા કરૂંગી,બ્રગુભાનનીબેટી ગોપાળ;
મેરે ગોપાળજીકું બંગીયોબનાદઉં માથે કલકી ટોપી.
બાઇ મીરાં કહે પ્રભુ ગીરધરના ગુણ;
ચરણ કમળ ચીત જોતી.

વાટ જુવે છે મીરાં રાંકડી, ઉભી ઉભી વાટ૦
મુનીવર સ્વામી મારે મંદીર પધારો,
વા'લા સેવા કરે છે દીન રાતડી. ઉભી ઉભી વાટ૦ ૧
ફુલના તે હાર ફુલના તે ગજરા,
ફુલના તોરા રે ફુલ પાંખડી. ઉભી ઉભી વાટ૦ ૨
મેવા પકવાન મીઠાઇઓ ને મેવારે;
ઘેબર જલેબી તલસાંકળી. ઉભી ઉભી વાટ૦ ૩
લવીંગ સોપારી ને પાનનાં બીડાં રે,

એલચીદાણા ને તજ પાંખડી. ઉભી ઉભી વાટ૦ ૪
સાગ સોનાનાં સોગઠાં ઢાળ્યાં રે,
રમવા આવે તો જાય રાતડી. ઉભી ઉભી વાટ૦ ૫
મીરાંબાઇ કહે પ્રભુ ગીરધરના ગુણ,
જોતાં ઠરે છે મારી આંખડી. ઉભી ઉભી વાટ૦ ૬

મુખડાની માયા લાગી રે, મોહન તારા. ટેક.
મુખડું મેં જોયું તારૂં, સર્વે જુગ થયું ખારૂં;
મન મારૂં રહ્યું ન્યારૂં રે. મોહન તારા૦ ૧
સંસારીનું સુખ એવું, ઝાંઝવાના નીર જેવું;
તેને તુચ્છ કરી ફરીએ રે. મોહન તારા૦ ૨
સંસારનું સુખ કાચું, પરણીને રંડાવું પાછું;
તેને ઘેર શીદ જઇએ રે. મોહન તારા૦ ૩
પરણું તો પ્રીતમ પ્યારો, અખંડસૌભાગ્ય મારો;
રાંડવાનો ભય ટાળ્યો રે. મોહન તારા૦ ૪
મીરાંબાઇ કહે બલીહારી, આશા એક મને તારી;
હવે હું તો બડભાગી રે. મોહન તારા૦ ૫

લેને લેને લાવ જીવને, જોતાં નહીં મળે. ટેક.
કસ્તુરી ને કેવડો લઇ તેલમાં તળે;

આવો રૂડો મનખો મેલી ભુતમાં ભળે. લેને૦ ૨
મોતી સરખો દાણો લેઇને ઘંટીમાં દળે;
બાવળીઆનું બીજ વાવે આંબો નહીં ફળે. લેને૦ ૩
સંત બોલાવે બોલતો નથી, અભીમાનમાં ફરે;
મારી ધક્કે આગળ કરશે વેઠે ભાર ભરે. લેને૦ ૪
માયા તને મીઠી લાગે ગોળસે ગળી;
નરભેરામના સાથમાં તો કુળ નહીં મળે. લેને૦ ૫

હોલો હોલી કહેછે રે, પ્રભુજી મારી વારે ચડો;
બચ્ચાં મારાં મારે રે, તળે આવી ભીલ ખડો. ટેક.
બાણ તાણીને ઉભો પારધી, ને ઉપર આવ્યો બાજ;
પાતાળમાંથી સર્પ જો નીસરે તો વણસે મારાં કાજ;
ગરૂડના ગામી રે, આંટી રખે રહો. હોલો૦ ૧
કહેતામાંજ પરવરીયા ને શરપતમાં નીરવાણ,
પારધીને તો પગે રે ડસીયો તતક્ષણ લીધા એના પ્રાણ;
ત્યાંથી બાણ છુટેરે બાજ આવી હેઠે પડમો. હોલો૦ ૨
કઠણવેળામાં કામજ આવેજો ભજનન કરો તો ભવજાય
એવા સમરથ સ્વામીને મુકીને કોના પુજું પાય;
ગુન્હેગાર ત્હારો રે તુલસીદાસ ખરો. હોલો૦ ૩

બાનાની પત રાખ પ્રભુ તારા બાનાની પત રાખ;
બાનારે માટે જો દુઃખ દેશો,તો કોણ જપે તારો જાપ. ૧
રોહીતદાસની તમે પાતરીલીધી,ને નવજોઇ જાત કેભાત;
રોના માટે સન્મુખરહીને,તમે નાઇ કહેવાયા હોનાથ. ૨
પ્રલ્હાદની તમે પ્રતીપાલણપાળીને સ્થંભમાં પુર્યો વાસ;
તાતી કઢા તમે શીતલ કીધી, સુધનવાને કાજ. ૩
પંચાળીના પટકુળ પુર્યાં ને, રાખી સભામાં લાજ;
સાગરમાંથી બુડતો રાખ્યો, રામ કહેતામાં ગજરાજ. ૪
ઝેર હતા તેના અમૃત કીધા, ને આપ્યા મીરાંને હાથ;
મહેતાને મંડળીક મારવા આવ્યો,
ત્યારે કેદારો લાવ્યા મધરાત. ૫
ભક્તોના તમે સંકટ ભાગ્યા,ત્યારે દ્રઢ આવ્યો વિશ્વાસ;
તુળસીનાસ્વામીનેકહું કરજોડી, પુરો અંતઃની આશ. ૬

હરી ભજવાનું ચોખટીયું રે, તે ફરી ફરી કયાં મળશે રે;
ચોખ્ખ કરીને ચેતી લેજો, ભવના તારણ તરશો રે. ૧
મનુષ્યાદેહ તો મટી જશેને, પશુ પંખી અવતરશો રે;
વરણાગીમાં વાટ ઉડશે, કેઈ ખાણે રડવડશો રે. ૨
દુઃખ લાગે તો વહેલું લાગો, ઉંધે ઉંધું ચાલ્યું રે;

માને ઉદર શું બોલ્યોતો, સું બોલ્યો શું પાળ્યું રે. ૩
જોબન જાશે જરા આવશે, નેન નાસીકા ગળશેરે;
સગા સનેહી સુખના બેલી, અંતે અળગા રહેશે રે. ૪
હરી નામ તો હારી બેઠો, વીખીયામાં વીંટાયો રે;
આ અવસરતો રૂડો કહાવે, પાપ ન કરશો પ્રાણીરે. ૫
કલ્યાણ કહે તે કહ્યું રે નમાને, પથરા ઉપર પાણીરે.

ગોચારી ઘેર આવે, વાલાજી મારો ગોચારી ઘેર આવે;
હાથમાં લાકડીયાંનેખભેકામળીયા,કરમીઠીમોરલીબજાવે.
ગુંજા ફુલહાર મોર મુગટ શીર સોહિયે;
સ્વામીતણી સુંદરતા જોઇજોઇ,વ્રજવનીતા મનમોહીયે.
કુમકુમકેરા છાટા છેવરાવું મોતીડે ચોક પુરાવું;
નરસૈયાના સ્વામી મંદિરપધારો, શેરીયે ફુલડા વેરાવું.

ચાલો જઇયે દરશન કરવા, ડાકોરમાં ઠાકોર બીરાજે છે;
દીનોનાથ દયાળ દામોદર, દરશનથી દુઃખ ભાગે છે ટેક.
પહેલું દુઃખ બ્રહ્માનું ભાગ્યું, શંખાસુરને મારીને;
સંખ નારાયણ બેટમાં બેઠા, વેદ લાવ્યા ચાર વાળીને;
કચ્છરૂપે સાગર મથીયો, ચૌદ રત્ન બહાર કાઢીને;
અમૃત તો અમરોને પાયું વિખ પાયું વિષધારીને;

વરાહરૂપે પૃથ્વિ લાવ્યા, આદ્ય નીરંજન આજે છે;
દીનોનાથ દયાળ દામોદર, દરશનથી દુઃખ ભાગે છે. ૧
પ્રલ્હાદની પ્રતીપાળ પાળવા, નરસીંહ રૂપ ધર્યું;
હીરણાકસ્યપુ નખે વધેર્યો, વિધિનું વાકય સફળ કર્યું;
વામનરૂપે બળીને ચાંપ્યો, ઈંદ્રિરાયનું કાજ કર્યું;
છબીલા છડીદાર થઈ ઉભા, બળીરાજાનું ભાગ્યભળ્યું;
ફરશી ગ્રહી નક્ષત્રી કીધી, જઈ કુકણ બીરાજે છે;
દીનોનાથ દયાળ દામોદર, દરશનથી દુઃખ ભાગેછે. ૨
અનેક દુઃખ દેવતાનાં ભાગ્યાં, રાજા રાવણ મારીને;
બીભીક્ષણને લંકા આપી, પથરા પાળજ તારીને;
કૃષ્ણસ્વરૂપે કંસને માર્યો, ગોકુળમાં ગૌચારીને;
મોરલીમાં મહામોહ પમાડ્યાં ત્રણલોક નરનારીને;
બુદ્ધારૂપે જગન્નાથજી, જગમગ જોત બીરાજે છે;
દીનોનાથ દયાળ દામોદર, દરશનથી દુઃખ ભાગેછે. ૩
અકુળકળા નવખંડમાં વ્યાપી, ઘટવટમાં તમે રમીરહ્યા;
ડાકોરમાં ઠાકોર બીરાજ્યા, બોડાણાપર કરી દયા;
ગંગાબાઈનાં ગુણ વધાર્યા, સવાવાલથી ઓછા થયા;
ભક્તિ જાણી સારંગપાણી, ગુગળી પાછા ઘેર ગયા;
માખણીયોઆરો છે સારો, લીંબડો મીઠો લાગે છે;

દીનોનાથ દયાળ દામોદર, દરશનથી દુઃખ ભાગેછે. ૪
ઉંચું દેવળ ઉંચું શીખર, ધોળી ધજા ફર ફરે;
જે દરવાજે નોબત વાજે, રણાગર ત્યાં ગડગડે;
ગોમતી તીરે સંગમ નીરે, સંઘ આવી ત્યાં પડાવ પડે;
આઠે દહાડે શુક્રવારે, વાલમનો વરઘોડો ચડે;
રણછોડ રસીયો સૌને વસીયો, સૌને માથે ગાજે છે;
દીનોનાથ દયાળ દામોદર, દરશનથી દુઃખ ભાગેછે. ૫
મોટા મોટા સંઘવી થઇને, સંઘ ડાકોરમાં લાવે છે;
ઉત્તર દક્ષીણ પુરવ પશ્ચિમના, લોક દરશને આવે છે;
નયણે નરખું હૈડે હરખું, રૂપઉપર જાઉં બલીહારી;
શંખ ચક્ર ને પદ્મ બીરાજે, ગદા ધરી છે ગીરધારી;
સાકર માખણ તુલસીની માળા, રાયરણછોડને ચડાવેછે
દીનોનાથ દયાલ દામોદર, દરશનથી દુઃખ ભાગે છે. ૬

માતા જસોદા ઝુલાવે પુત્ર પારણે,
ઝુલે લાડકડા પુરૂષોત્તમ આનંદભેર,
હરખી નીરખીને ગોપીજન જાએ વારણે;
અતિ આનંદ શ્રી નંદજીને ઘેર. માતા૦ ૧
હરીનાં મુખડાં વારૂ કોટીક ચંદ્રમાં,

પંકજ લોચન સુંદર વિશાલ કપોલ;
દીપક જ્યોતી દીપે સુંદર નાસીકા,
કોમળ અધર અરૂણુ છે રૂડા રાતાચોળ. માતા૦ ૨
મેઘ શ્યામ કાંતી ભ્રકુટી છે વાંકડી,
ખીટળીયાળા ભાર ઉપર ઝુમે કેશ:
હસતાં દંતુડી દીસે બેઉ હીરાકણી,
જોતાં વાજે કોટીક મદન મોહન વેશ. માતા૦ ૩
સીંહ નખ જડેલું સુવર્ણ શોભે સાંકળું,
નાજુક આભરણ સઘળાં કંચન મોતી હાર;
ચર્ણ અંગુઠો ધાવે હરજી બે હાથે ગ્રહી,
કોઈ બોલાવે તો કરે કીલા ચાંદલો. માતા૦ ૪
લાલ લલાટે કીધો કુમકુમકેરો ચાંદલો,
શોભે જડીત્ર જાણે મસ્તક મણીની માળ;
જનની જુગતે આંજે અણીયાળી બેઉ આંખડી,
સુંદર કાજળકેરૂં ટપકું કીધું ગાલ. માતા૦ ૫
સર્વે સોનાનું જડીત્ર મણીમય પારણું,
ઝુલાવે રૂમઝુમ વાજે ઘુઘરીનો ઘમકાર;
માતા વિધવિધ વચને હરીગુણ ગાયે હાલડાં,
ખેંચે ફુમતીયાળી રેશમ દોરી સાર. માતા૦ ૬

હંસ કારંડ ને કોકીલ પોપટ પારણે,
બપૈયા ચકોરને કાંઇ સારસ મેના મોર,
રમકડાં મુકયાં રમવાને મોહનલાલને,
ઘમઘમ ઘુઘરા વજાડે નંદકીશોર. માતા૦ ૭
મારા કહાનાની સમાણી કન્યા લાવશું,
મારા લાલાને પરણાવીશ મોટે ઘેર;
મારો જાયો વરરાજા થઇ ઘોડે બેસશે,
મારો કહાનો કરશે સદાય લીલાલહેર. માતા૦ ૮
મારો લાડકવાયો સખામાં રમવા જશે,
સારી સુખલડી હું આપીશ હરીને હાથ;
જમવા વેળા ઝુમઝુમ કરતો ઘેર આવશે,
હું તો ધાઇને ભેટીશ હૃદયા સાથ. માતા૦ ૯
જેનો શેષ શંકર સરખા પાર પામે નહિ,
નેતી નેતી કહે છે નીગમ વારોવાર;
તેને નંદરાણી હુલરાવી ગાયે હાલરાં,
નથી નથી એના ભાગ્યતણો કંઇ પાર. માતા૦ ૧૦
વ્રજવાસી સૌ સર્વેથી સુભાગી ઘણાં,
તેથી નંદ જસોદાકેરૂં ભાગ્ય વિશેષ;
તે સર્વેથી ગોપીજનનું ભાગ્ય અતિ ઘણું,

જેની કરે પરીક્ષા બ્રહ્મા શીવને શેષ. માતા૦ ૧૧
ધન્ય ધન્ય વ્રજવાસી ગોપીજનનંદ જશોમતી,
ધન્ય ધન્ય વંદ્રાવન જ્યાં હરીકેરો છે વાસ;
સદા જુગલ કીશોરે ત્યાં લીલા કરી,
સદા બલીહારી જાય છે દયારામ દાસ. માતા૦ ૧૨

ચીત્ત તું સીદ ચીંતા ધરે, કૃષ્ણને કરવું હોય તે કરે.ટેક.
સ્થાવર જંગમ જડ ચૈતનમાં, માયાનું બળ ઠરે;
સ્મરણ કર શ્રીકૃષ્ણચંદ્રનું, જન્મ મરણ જાય હરે. કૃ૦
નવમાસ પ્રાણી શ્રીકૃષ્ણચંદનું, ધ્યાન ગર્ભમાં ધરે;
માયાનું આવરણ કર્યું ત્યારે, લખ ચોરાશી ફરે. કૃ૦
તું અંતર ઉદ્વેગ ધરે, તેથી કારજ શું સરે;
ધણીનો ધાર્યો મનસુબો, હરબ્રહ્માથી નવ ફરે. કૃ૦
દોરી સર્વની એના હાથમાં, ભરાવ્યું ડગલું ભરે;
જેવો જંત્રી વજાડે જંત્ર, તેવો સ્વર નીસરે. કૃ૦
થનાર વસ્તુ થયા કરે, જ્યમ શ્રીફળ પાણી ભરે;
જનાર વસ્તુ એણીપેરે જાશે,જ્યમ ગજ કોઠું ગળે. કૃ૦
જેનું જેટલું જે જ્યમ કાળે, તે તેને કર ઠરે;
એમાં ફેરપડે નહિ કોઇથી, શીદ કુટાઇ મરે. કૃ૦

તારૂં ધાર્યું થાતું હોય તો, સુખ સંચે દુઃખ હરે;
આપણનું અજ્ઞાનપણું એ, મુળ વિચારે ખરે. ફ઼૰
થાવાનું અણુચીંતવ્યું થાશે, ઉપનીષદ ઓચરે;
રાખ્ય ભરોંસો રાધાવરનો, દયા શીદને ડરે. ફ઼૰

પ્રભુ તને પ્રસન્ન તે કેમ થાય,તારા દીલનું કપટ ન જાય;
પ્રભુકીરતન પ્રભુના સ્મરણમાં, અતીશે આળસ તારે;
ટાચાકુટ લવ પરનીંદામાં, આખો દીવસ ન હારે. પ્ર૰
પ્રભુનું પુજન કરતી વેળા, કાયા તારી કંપે;
ગંજીફા સોગટાં કુટતાં, આઠે પહોર નવ જંપે. પ્ર૰
પ્રભુનું ચંદન ઘસતાં, તારૂં શ્રમથી શરીર બગડે;
કુંડી કુદકે લઇ મરી મસાળે, ભાવે ભાંગજ રગડે. પ્ર૰
એકાદશી ઓચ્છવનું જાપણ, અતી અઘરૂં તને લાગે;
ભાંડ ભવાયા જોવા સારૂ, સારી રાતજ જાગે. પ્ર૰
હરીના ભક્તને લુખું સુકું, વેઠજ વળગી જાણે;
સગાસંબંધી પ્રોહોણા આવે,તેને મીષ્ટાન પીરસે પરાણે.
બે પૈસાની ગુરૂ સેવા બતાવે,ત્યાં ગણગણતું બોલે;
ઘરની સ્ત્રી જ્યાં માગે ઘરેણું,ત્યાં હસી મગ્નથઇ ડોલે.પ્ર૰
ખોટાં મોતી કાચ કીડીયાં, ભગવત ભુષણ ઘાલે;

સોનું રૂપું મણિ મુક્તાવિણ, સ્ત્રી સુતને નવ ચાલે. પ્ર૦
જગ દેખતાં જપવા બેસે, બાકી નાહ્યા ન ખાવા;
ગળાં કાપે ત્યાં થાય ગળગળો, એ વૈષ્ણવના વહેવાર.
આ કરવું આ ના કરવું, એમ અન્યને શીક્ષા દે છે;
તે પ્રમાણે તું નથી કરતો, અનુચીતકર્મ કરે છે. પ્ર૦
અંતરના છળ અન્ય ન લહે, પણ જાણે અંતરજામી;
એતો સાચાનો સંગી છે, દાસ દયાનો સ્વામી. પ્ર૦

લાંબી સોડે સુતો રે, સુખની તેં સજ્યા કરી;
કદીએ નવ બોલ્યો રે, મુખથી તું હરી હરી. ટેક૦
આ છેરે તારૂં આ છેરે મારૂં, તેમાં બંધાણું તારૂં ચીત
અલબેલીનો સંગ ન મુકયો, તે વિના આંધળોબીંત;
એક ઘડી તું તો, થીર નવ બેઠો ઠરી. લાંબી૦ ૧
શીર ઉપર તો કાળ ભમે છે, જેમ તેતરપર બાજ;
કહીયે ખરા પણ કહ્યું ન માને, કરે મુમતથી કાજ;
જે જેમ તે તેમજ રે, મુકીને તારે જાવું મરી.લાંબી૦ ૨
ઊંચીઊંચી મેડીને બાગબગીચા,નવીનવી ભાતના રંગ;
તે ઘેર બેઠા કાગ કકળશે, કોઇ ન આવે તારી સંગ;
તુળશીતો કહેછે રે, લીધી લખચોરાશી ફરી. લાંબી૦ ૩

ગોવીંદગુણ ગાઇલ્યો મનઘેલા,તમે થાઓને વહેલાવહેલા;
હરીગુણ ગાઓને પ્રથમ પહેલા રે. ગોવીંદ૦ ૧
કાયા પાણીનો પરપોટો, અંતે એ ભરૂંસો ખોટો;
જુગમાં હરી જશ મોટો રે. ગોવીંદ૦ ૨
મન તું મારૂં મારૂં કરતો, સગાસંબંધી સાથે લડતો;
તું તો હીંડે છે વન રડવતો રે ગોવીંદ૦ ૩
જીવ તારા માત પીતાને ભ્રાત,કોઇ નહીંઆવે તારીસાથ;
તારે જાવું એકલાં વાટ રે. ગોવીંદ૦ ૪
જીવ તારે અવરતણી છે આશ,નેશ ઘણાને થોડી રાત;
ક્ષણમાં થઇ જાશે પ્રભાત રે. ગોવીંદ૦ ૫
એવી વૈષ્ણવજનની રીત, કરીલે શામળીઆશું પ્રીત;
ભક્તભૌવન કહે હરી ભજીને જીત રે. ગોવીંદ૦ ૬

માતા જસોદા બોલાવે જમવા લાલને,
ચાલો લાડકવાયા લાગું તમને પાય;
તેમ તેમ રીસાઇને રંગરસીયોજી આવે નહીં,
પાછળ દોડે દોડે તેમ તેમ નટવર નાસી જાય. માતા૦
કાળા કેમ સંતાપે મુજને ઘરમાં કામ છે,
વાટ જુએછે કાના બેશી રહ્યા બળવીર;

તમને શીખામણ દેઉ છું તે કેમ નથી લાગતી,
શામાટે શામળીયા ભરો નેત્રમાં નીર. માતા૦
આવા ઢંગ ધુતારા જે કોઇ તુજમાં જાણશે,
ત્યારે પરણ્યાની શી થાશે હરજી પેર;
કોઈ કન્યા નહિ આપે કાના કહું છું ક્યારની,
રાખો ડહાપણ ચાલો રાડ તજીને ઘેર. માતા૦
હવે નહિ મારૂં મારા સમ મુજને છે બાપના,
હું તો હારી તુજથી તું જીત્યો જગદીશ;
શું કરૂં લાડકવાયો એકનો એક છે નંદને,
શું કરૂં સાંખી રહું છું બાકી ચઢે છે રીશ. માતા૦
જેમ તેમ સમજાવી લૈ ચાલ્યાં સુંદર શ્યામને,
કટીયે બેસારીને ચુંબન કીધું ગાલ;
મુખડું નીરખી હરખી રંગમાં રીઝાયાં ઘણું,
લાવી મુખડા આગળ મુકી કનકની થાળ. માતા૦
માંહે પકવાનો પીરશ્યાં છે ભલી ભલી ભાતનાં,
માંહે ખાજાં જલેબી બરફી બુરા ખાંડ;
પેંડા પુરી કચોરી પડસુલીની પાતળી,
હયોલ્યો મારા સમ એમ મુખથી કહેતાં માંડ. માતા૦
ઘેબર સુતરફેણી આણી અતિશે ઉજળી,

બીજા નાના વિધના પવિત્ર કીધા પાક;
અતી આનંદે જમાડે માતા લાલને,
તળ્યાં તાતાં લાવી તરત મુકયાં શાક. માતા૦
મેસુર મગદળ તે લાવ્યાં માતા જસોમતી,
શક્કરપારા શીરો તેમાં સાકર બહુ;
મારા અલબેલા હો લાલજી શે નથી બોલતા,
મારા સમ જો હવે કશું તને નહીં કહું. માતા૦
મારા સમ જો તુજથી વહાલું મુજને કોઇ નથી,
મારી આંખડીએથી રખે વેગળા થાયો;
મારાં આંગણિયાં રૂડાં દીસે છે તમવડે,
સમ ખાધા શામળીયા હવે ન આઘા જાઓ. માતા૦
પ્રેમે આરોગી ઉઠ્યા તે હરી બળદેવજી,
માતા જસોદાને આનંદ અંગ ન માય;
આપે રમકડાં રઢીયાળાં રીઝી રંગનાં,
ઉભો દાસ હરીભટ ઢોળે પ્રભુને વાય. માતા૦

હૈયાના ફુટ્યા, હરીસંગે હેત ન કીધું:
લખચોરાશીકેરૂં લુગડું, માથે માગી લીધું રે. હૈ૦૧
પેટને અર્થે પાપ કરતાં, પાછું ફરી નવ જેયું;

ચાર દીવસના જીવતરસારૂ,મન માયામાં મોહ્યું રે. હે૦
જન્મ મરણ દુઃખ ગર્ભવાસનું, તે નવ શકયો ટાળી;
માતપિતા જુવતી સુતસંગે,વિસાર્યા વનમાળી રે. હે૦
આળસ ને અજ્ઞાન અતિશે,કામ બગાડ્યું તારૂં રે;
દેવાનંદ કહે દેખ વિચારી, માન કહ્યું તું મારૂં રે. હે૦

કૃષ્ણજીના દશ અવતાર

કૃષ્ણ કનૈયાને જઇ મળો રે,
હરી હૈયાના હાર મારા વ્હાલા;
પહેલે રૂપે શ્રી હરી રે,
ધર્યો મચ્છા અવતાર મારા વ્હાલા;
શંખાસુરને મારીયો રે,
આપ્યા બ્રહ્માના વેદ મારા વ્હાલા. કૃષ્ણ૦ ૧
બીજેને રૂપે શ્રી હરી રે,
ધર્યો કચ્છા અવતાર મારા વ્હાલા;
કચ્છે તે સાગર ડોળીઓ રે,
ચૌદ રત્ન કાઢ્યાં બહાર મારા વ્હાલા. કૃષ્ણ૦ ૨
ત્રીજેને રૂપે શ્રી હરી રે,
ધર્યો વરાહ અવતાર મારા વ્હાલા;

પૃથ્વી દાંતમાં ઘાલી લાવીયા રે,
ગઇતી રસાતાળ મારા વ્હાલા. કૃષ્ણ૦ ૩
ચોથેને રૂપે શ્રી હરી રે,
ધર્યો નરસીંહ અવતાર મારા વ્હાલા;
હીરણ્યાકશ્યપને મારીયો રે,
પ્રલ્હાદની કીધી સહાય મારા વ્હાલા. કૃષ્ણ૦ ૪
પાંચમે રૂપે શ્રી હરી રે,
ધર્યો વામન અવતાર મારા વ્હાલા;
બળી પાતાળે ચાંપીયો રે,
આપ થયા છડીદાર મારા વ્હાલા. કૃષ્ણ૦ ૫
છઠેને રૂપે શ્રી હરી રે,
ધર્યો ફરશુરામ અવતાર મારા વ્હાલા;
ફરશુરામે ફરશી ફેરવી રે,
કાપ્યા સહસ્ત્ર અરજુનના હાથ મારા વ્હાલા. કૃ૦ ૬
સાતમેને રૂપે શ્રી હરી રે,
ધર્યો રામ અવતાર મારા વ્હાલા;
રામે તે રાવણ રોળીયો રે,
દેવોને કીધું સુખ મારા વ્હાલા. કૃષ્ણ૦ ૭
આઠમેને રૂપે શ્રી હરી રે,

ધર્યો કૃષ્ણ અવતાર મારા વ્હાલા;
કૃષ્ણે તે કંસને મારીયો રે,
આપ્યું ઉગ્રસેનને રાજ મારા વ્હાલા. કૃષ્ણ૦ ૮
નવમેને રૂપે શ્રી હરી રે,
ધર્યો બુદ્ધ અવતાર મારા વ્હાલા;
દશમેને રૂપે શ્રી હરી રે,
ધરશે કલંકી અવતાર મારા વ્હાલા;
કાલીંગાને મારશે રે,
કમલા કેરો કંથ મારા વ્હાલા. કૃષ્ણ૦ ૯

હું તો તને વારૂં રે આવીને તેં શું કર્યું રે,
હરી હીરો ખોયો ને વોહોર્યો સંસાર;
હૈયું તારૂં ફુટયું રે આંખે થયો આંધળો રે,
વિસારીને મેલ્યા રે દીનદયાલ. હું તો૦ ૧
મારાસાળા મુરખ રે બુદ્ધિ તારી કયાં બળી રે,
માવે તો ભમતો ન દીઠો ઢાળ,
ગપાટાને હાંકયા રે તે તો બધા ગામને રે;
વિચારી ન જોયું રે સાર અસાર. હું તો૦ ૨
મુનશા જન્મ રે મેળવ્યો તેં ધુળમાં રે,

હુંસા ઉપર થાલી હામ;
જનુનીએ જણ્યો ત્યારે આડો શે ન આવીયો રે;
તારી માની કુખ ન દીધો ડામ. હું૦તો૦ ૩
સગાંને કુટુંબી રે બુડાવાને સૌ મળ્યું રે,
તરવાને ત્રીકમ નામ સંભાર;
ચટકો તને લાગે તો ઝટપટ ચેતજે રે,
હવેથી તું ગાફલ ન રહીશ ગમાર. હું૦તો૦ ૪
ડહાપણને ડોળ્યું રે સ્વારથ સાથમાં રે,
પરમારથની ન જાણી પેર;
રણછોડ કહે છે રે રાંડના તું ચેતને રે,
વહી ગયો લોભે નદીની લહેર. હું૦તો૦ ૫

નહીં રે વિસારૂં હરી,
અંતરમાંથી નહીં રે વિસારૂં હરી;
આડે માર્ગે જાતાં ને વળતાં,
અમુલખ વસ્તુ જડી. અંતર૦ ૧
નદી જમુનાનાં જળ ભરવાને જાતાં,
સીરપર મટુકી ધરી. અંતર૦ ૨
પીળાં પીતાંબર જરકશી જાતા,

કેસરી આડ કરી. અંતર૦ ૩
મોર મુગટ ને કાને કુંડળ,
મુખપર મોરલી ધરી. અંતર૦ ૪
રાણી રૂક્ષ્મણીના મહેલ તજીને,
કુબ્જાને રાણી કરી. અંતર૦ ૫
બાઇ મીરાં કહે પ્રભુ ગીરધરનાં ગુણ;
વર તો વિઠ્ઠલને વરી. અંતર૦ ૬

હરીગુણ ગાવોરે ગાવો, કે અવસર નહીં આવે આવો;
સુનશો દેહીનો મેળાવો, હરીગુણ ગાવોરે ગાવો. ટેક.
કે લક્ષચોરાશીમાં ફરશો, ફરીફરી અવતરશો મરશો;
ધોખો જનમ જનમ ધરશો, હરીગુણ ગાવોરે ગાવો. ૧
સૌ મળી કહે મારૂં મારૂં, તેમાં કંઇ નથી તારૂં;
મૃગજળ માયાનું લારૂં, હરીગુણ ગાવોરે ગાવો. ૨
અંતે સૌ અળગું રહેશે, વાલપણે વળગ્યું રહેશે;
સુખ દુઃખ કોણ કોને કહેશે, હરીગુણ ગાવોરે ગાવો. ૩
સાચામાં સાચું કરવું, ધ્યાન હરીનું નિત્ય ધરવું;
રણછોડ આ ટાણે તરવું, હરીગુણ ગાવોરે ગાવો. ૪

જે દુઃખ થાય તે થાજો રે, રૂડા રામને ભજતાં;

પડે પડે તો પડવા દેજો, જીવ જાય તો જાજોરે. રૂડા०
ઊંચાબાંધીને તળે અગ્નિ પ્રજાળે, માર મુશળકેરા ખાજોરે;
લોક નિંદે તેને નિંદવાદેજો, રાજા દંડે તો દંડાજોરે. રૂડા०
સાત પાંચ સંત મળી રાંક, રણછોડ ગોવિંદના ગાજોરે.

સતગુરૂ સહાય કરો એકવાર રે,
મારો મુરખનો અવતાર રે;
પથ્થર કરતાં કઠણ હૈયું છે મારૂં,
તેમાં હરિ નામ ન ભેદે તમારૂં.
મારા તો મનની વાતો છે વાંકી,
સતગુરૂએ પથ્થર નાંખ્યા ટાંકી;
ટાંકીને મારગ મુગતા કીધા રે,
સતગુરૂએ મંત્ર અનોપમ દીધા.
આતમજ્ઞાન વિના ઘર સુનું રે,
સગપણ શોધીને કહાડજો જુનું રે;
જીવ તું તો જાગીને જોને વિચારી,
મુવા પછી મુક્તિ તે ક્યાંથકી માગી રે.
એવી છે દાસ હરીની વાણી રે,
તેને તમ રાખજો રૂદીયામાં જાણી.

જેણે રે ગોવીંદ રામા તમને વિસાર્યા,
તમને વિસાર્યા તે નર ભવોભવ હાર્યા. જેણે० ૧
તમને વિસારી કવણ સુખ કીધું;
અમરત ઢોળી ઝેર હળાહળ પીધું. જેણે० ૨
તમને વિસારી અવર મન મોહ્યું,
કોડીને બદલે કંચન ખોયું, જેણે० ૩
તમને વિસારી અવર રંગ રાચ્યા,
વંઝા ન રહી તેની જનુની માતા. જેણે० ૪
તમને વિસારી નિંદ્રા ભરી સુતો,
ભણે રે નરસૈયો તે નર ભવોભવ વગુતો. જેણે० ૫

નારાયણનું નામજ લેતાં, વારે તેને તજીએ;
મનસા વાચા કરૂણા કરીને, લક્ષ્મીવરને ભજીએ રે.
કુળને તજીએ કુટુંબને તજીએ, તજીએ માને બાપરે;
ભગની સુત દારાને તજીએ, જેમ તજે કાંચળી સાપરે;
પ્રથમ પીતા પ્રહ્લાદે તજીઓ, ન તજ્યું હરીનું નામ;
ભરત શત્રુઘને તજી જનેતા, નવ તજ્યા શ્રીરામરે.
રૂષીપત્ની રાઘવને કાજે, તજેલા ભરથાર રે;
તે માટે કાંઇ કુડું ન પડીયું, પામ્યા પદારથ ચારરે.

વ્રજવનીતા વીઠલને કાજે, સર્વે તજીને વન ચાલ્યાં રે;
ભણે નરસૈયો વંદ્રાવનમાં, મોહનસંગાથે મહાલ્યાં રે.

તારી ભક્તિ બોડાણાને ભાવી રે, રણછોડ રંગીલા.
જમણા હાથમાં તુલસી વાવી રે; રણછોડ૦
છઠ્ઠે માસે તે ઠેઠ ચડાવી રે, રણછોડ૦
આઘા મજલો કીધો મધરાતે રે. રણછોડ૦
આપ આવ્યા બોડાણાની સાથે રે, રણછોડ૦
દેશ ગુજરાતમાં આવીને રહ્યા રે. રણછોડ૦
વાલા ઊમરેઠ આવીને રહ્યા રે, રણછોડ૦
ત્યાં તો પગલાં પુજાય છે તારાં રે. રણછોડ૦
ત્યાં તો પ્રગટ પારખું કીધું રે. રણછોડ૦
આખા લીમડામાં એક ડાળ મીઠું રે. રણછોડ૦
સાને દરશન થાય છે સારાં રે. રણછોડ૦
કાઆને થઈ છે જાણુ રે. રણછોડ૦
કાબા દોટે ને ભગત થાય રે. રણછોડ૦
આશારામને આશરો તમારો રે. રણછોડ૦
વાલા તરીને પાર ઉતારો રે. રણછોડ૦

પરજ.

પ્રભુ વિના બીજું કુણ તારી બેલ્ય છે રે;
હરિ ભજે તો સુખડાની રેલ્ય છે રે.
સગા સંબંધી મતલબકેરા સ્વારથી રે;
નાડી તુટે ત્યારે કોઇ કોઇનું નથી રે.
ગાડી રથડા વળીને હાથી ઘોડલા રે;
મેલીને મરવું રહેવું છે દહાડા થોડલા રે.
રંગના ભરેલાં રૂડાં માળીઆં રે;
એક દિન સુવું છે મશાણમાં અકાળીયા રે.
ભણ્યા ગણ્યા મરી ગયા ભોગીયા રે;
રામના શરણ વિના ભવોભવ રોગીઆ રે.
ડાહ્યા ડાહ્યા વખાણતા જે નર દેખમાં રે;
પ્રભુને ભજ્યા વિના પેઠા વંતર વેશમાં રે.
કાયા કોમળી આતો અગનકેરા રાજની રે;
શીખામણ ધરને રૂષીરાજની રે.

ભક્તિ શીશતણું સાટું રે, આગળ વસમી વાટું;
એક દિવસ તો આવી બની, રાજા મોરૂધ્વજને માથે.
કાશીએ જઇને કરવત મુકાવ્યું, હરિજનને હાથેરે. ભ૦

સત્યને કાજે ત્રણે વેચાણાં, રોહીદાસ ને રાણી;
રૂપીને વાસ્તે રાજા વેચાણો, ભરવાને પાણી રે ભ૦
પેરો પટોળાં પ્રેમનાં રે તમે, શુરવીર થઇ ચાલો;
ભોજો ભગત કહે ગુરૂ પ્રતાપે, અમરાપર માલોરે. ભ૦

શ્રીરાસહુંડી.

મારી હુંડી સ્વીકારો મહારાજ રે, શામળા ગીરધારી;
પ્રભુ એક તમારો આધાર રે, શામળા ગીરધારી. ૧

સાખી.

પ્રહ્લાદની પત રાખવા, ધર્યું નરસિંહ રૂપ;
થંભથકી વહાલો પ્રગટીયો,માર્યો હિરણાકશ્યપભુપરે.૨
નીભાડામાંથી બળતાં ઉગાર્યાં, બિલાડીકેરાં બાળ;
ટીંટોડીનાં વહાલે ઈંડાં ઉગાર્યાં, હરી હેતે થયા રખવાળરે.
વાણીઆને વિમાસણ કરી, કર્યો માટીનો અહાર;
ખાંડણીયામાં મોભી ખાંડીયા, તમારી મરજી પ્રમાણે
મહારાજ રે. શા૦ ૪
રાણાજીએ રાડ વધારી, મીરાં કારણ મહારાજ;
ઝેર ઘોળી મોકલ્યાં તમે, ઝેરના જાણનારારે. શા. ૫

ગાંગેવ કેરે કારણે, ચક્કર ધરીયો હાથ;
સુધન્વાને કારણે તમે, તેલમાં થયા તતકાળરે. શા. ૬
શીબીરાજની માટી છાબે તોલાણી, ખાલી કર્યાં શરીર:
ધર્મ કેરે કારણે તમે, કોલવા કારણ મહારાજરે. શા. ૭
સાડા ત્રણસો ઓરડા, નાગરના જુનાગઢ મોઝાર;
તેમાં નથી મારે નોતરૂં મને નાતે દીધો તીરસ્કારરે શા ૮
આ ઝુંપડી તારા સેવકની જમવા નથી જાર,
બેટા બેટી વળાવીયા હવે,
વળાવી ઘરની નારરે. શા ૯
ગરથ તો ગોપીચંદનનું તુળસી હેમનો હાર;
સાચું ઘરેણું મારે સામળા મારી,
દોલત છે ઝાંજને પખાજરે. શા. ૧૦
હું નથી મોટા લાખોપતી, હું નથી શેઠ શાહુકાર;
નરસીમહેતાનીવીનતી હુંતોનાગરમાંહું કંગાલરેશા. ૧૧
શેઠ તો દ્વારકાંપુરી, શામળશાહ જેનું નામ;
હુંડી લેજો હાથમાં મોહન કરજોપછી બીજુંકામરેશા. ૧૨
તીરથવાશી ગામમાં ફરે, પુછે નામને ઠામ,
ગલીએ ગલીએ ફરી વળ્યાં અહીં,
નથી શામળશાનું નામરે. શા. ૧૩

ધુતારે ધુત વીદ્યા કરી, અમને કહેતું બધું ગામ;
ઠગારે ફરી ઠેકડી અમારે, પુર્વ જન્મનાં પાપરે શા. ૧૪
તીરથવાશી ગામમાં ફરી, નીકળ્યા ઝાંપા બહાર;
ત્યારેરૂપલીધુવાલેવણીકનું વાલોત્યારેથયાતતકાળરેશા.૧૫
કાને કુંડળ જળહળે, એના તેજનો નહી પાર;
ચારેબાજુબંધ બેરખા, હરીને હૈયે છે હેમનોહારરે શા.૧૬
હુંડી લાવો હજુરમાં શામળશા મારૂં નામ;
હમેશાં લખજો હુંડીયું કહેજો,વાણોતર સરખું કામરેશા૧૭
હુંડી હાથોહાથ આપીવહાલે, પુરી હદયામાં રાખ્યું નામ;
નરસીંહમહેતાનો સ્વામીશામળો, વાલેનવખંડમાં રાખ્યુ
નામરે શામળા ગીરધારી. ૧૮
મારી હુંડી સ્વીકારો મહારાજરે શામળા ગીરધારી;
મને કોઇની નથી ઓશીયાળરે શામળા ગીરધારી, ૧૯
મારે શામળીયા જેવો સરદારરે શામળા.

પઢોરે પોપટ રાજારામના, સતી સીતા પઢાવે;
પાસે બંધાવિ પાંજરૂં હીરા રતને જડાવું. પઢો૦ ૧
પોપટ તારે કારણે લીલા વાંસ વઢાવું;
તેનું ઘડાવું પોપટ પાંજરૂં હીરા રતને જડાવું. પઢો૦૨

પોપટ તારે કારણે શીશી રસોઈ બનાવું;
સાકરનાં કરી ચુરમાં ઉપર ઘી પરસાવું. પઢો. ૩
પાંખ પીળીને પગ પાંડુરા કેટે કાંઠલો કાળો;
નરસઈયાના સ્વામીને ભજ્યે, રાગ તાણી રૂપાળો પઢો, ૪

કોણુ રે સમાના કામની, હત ફળીએલ રામા.
દ્રૂપતીની લજ્જા રાખવા હરી ઉભા છે સામા. કોણ.૧
બાલોજી ગયાતા વાડીએ, સરવે સુંદરી સાથે.
શેલડીનો સાંઠો છોલતાં, છરી બેઠી છે હાથે. કોણ ૨
માનીતી મંદીર પધારીયાં, ચીથરડી લેવા માટે.
દ્રૂપતીયે ચીર વધેરીયું હરીને પાટો બાંધવા કોણુ. ૩
ત્રીકમે તેના તાંતણા લખી રાખ્યા છે લેખે;
નવસેનવાણું ચીર પુરીયાં, સઘળી સભા દેખે કોણુ. ૪
ગરૂડે ચડીને ગોવીંદ આવીયા, આવ્યા અંતરજામી;
ભક્તઉદ્ધારણ ભુધરો, મહેતા નરસીંહનો સ્વામીકોણ ૫

આવો અમારા દેશડે, મીઠા મોહન માવા;
દહીં દુધ ને ઘૃત ઘણું, ખીરમાં ખાંડ ખાવા. આવો૦૧
રસોઇ કરી ભાત ભાતની, કાન તમારે કાજે,

પ્રીતમ પ્રીતે પધારીએ, કૃપા કરીને આજે. આવો૦ ૨
ગંગાજળ મેં તો ગરમ કર્યું, નાથ તમારે નાવા;
આપું પીતાંબર પહેરવા,ચાલો પરસાદ પાવા.આવો૦૩
અરજ સુણી અલબેલડો, પ્રેમે આવ્યા છે ધાઇ:
ગોપીઓ દેખી ઘેલી થઇ,અતિ મન હરખાઇ.આવો૦૪
ભાવથી ભોજન જમાડી, બીડી પાનની દીધી;
ઘણા દીવસની ગોઠડી, કાન આગળ કીધી. આવો૦ ૫
પ્રેમની સાંકળે બાંધીયા, હવે નહીં દેઉં જાવા;
નરસૈના સ્વામી શામળા,ચાલો ગોકુળગાળા. આવો૦૬

નારાયણ નામ લેને તું પ્રાણી,
બદ્રીનાથ પ્રગટ જુગ જાણી. ટેક.
ગર્ભવાસે રક્ષા કીધી તારી,
લીધો જઠરાગ્નિથી ઉગારી;
તેને કેમ મેલ્યો છે વિસારી. નારાયણ૦ ૧
નર દેહ દીધો તુને નાથે,
ધન હોય તો વાવર તારે હાથે;
પડયું રહેશે કોડી નાવે સાથે. નારાયણ૦ ૨
વણ સમજે કહે મારૂં મારૂં,

ધન કાજ ફરે તમ આરૂ;
તારે હાથે નથી ધન તારૂં. નારાયણ૦ ૩
મિથ્યા સુખમાં તે શું લપટાણો રે,
લોક લાજે ગળે દીધો પાણો;
જાય છે તૃષ્ણાના પુરમાં તણાયો. નારાયણ૦ ૪
કાયા માયા એ રીતે કાચી,
તેમાં રંગમાં તે શું રહ્યો રાચી;
બ્રહ્માનંદ કહે વાત સાચી. નારાયણ૦ ૫

વૈકુંઠ મારૂં ઢુકડું, હરીજનને મન હજુર;
દુરીજનથી દુર વસે છે, પ્રેમીજનને ઉર. વૈ૦ ૧
કામ ક્રોધ લોભજ કહીએ, તેનાં ઉખેડો ને મુળ;
મોહ માયા ને મમતા કહીએ, તેનું કાઢો શુળ. વૈ૦ ૨
પાત્ર દેખીને સોંપીએ, ભુખ્યાને આપીએ અન્ન;
જુઠી સાખો નવ પુરીએ, પરહરીએ પરધન. વૈ૦ ૩
ચીત ચોરી ના રાખીએ, મારીને રાખીયે મન;
ભણે નરસૈયો વૈષ્ણવ કહીએ, હરીને વા'લા હરીજન. વૈ૦ ૪

આ રાણાજી જીવનો સંગાથી, હરી વિના કોઇ નથીરે;

મારે પ્રભુભજવાની હામરે,હરીભજવાની હામરે.એ૦૧
ઓ રાણાજી એક રે ગાયોનાં, દો દો વાછડાં રે;
તેમના જુદા જુદા લેખ, એકરે શીવઘેર પોઠીયો રે;
બીજો ઘાંચીડાને ઘેર. એ૦ ૨
ઓ રાણાજી એક રે માટીનાં, દો દો માટલાં રે;
હાં રે તેમના જુદા લેખ;એકરે માટલું જસોદામાતનું રે,
બીજું તે કલાલને ઘેર રે. એ૦ ૩
ઓ રાણાજી એક રે વેલામાં, દો દો તુંબડાં રે,
હાં રે તેમના જુદા લેખ, એક રે તુંબડું સાધુસંગમાં રે.
બીજું રાવળીયાને ઘેર રે. એ૦ ૪
ઓ રાણાજી એક રે માતાનાં, દો દો બેટડા રે,
તેમના તે જુદા લેખ; એકરે બેટો ચાંદાશી ધુણીએરે,
બીજો તે લખ ચોરાશી માંય રે. એ૦ ૫
ઓ રાણાજી એક રે વાંસની, દો દો વાંસલી રે,
તેમના તે જુદા લેખ; એક રે વાંસલી જસોદામાતનીરે,
બીજી વાદીડાને ઘેર રે. એ૦ ૬
ઓ રાણાજી કરવો સાધુસંગ,શામળીયા સાધુના સંગ;
હાં રે મારે કરવો સાધુ સંગ, શામળીયા સાધુના સંગ;
જેથી ચડે ચોગણો રંગ રે. એ૦ ૭

કક્કો.

કક્કા કર સદ્દગુરૂનો સંગ, રૂદે કમળમાં લાગે રંગ;
અંતરમાં અજવાળું થાય, માયા મનથી દુર પળાય;
લિંગ વાસના હોએ ભંગ, કક્કા કર સદ્દગુરૂનો સંગ.૧
ખખ્ખા ખરેખરી છે વાત, તે શ્રીમુખે કહી સાક્ષાત;
જ્ઞાની મુનિ જોગી જતી, ગુરૂ કિરપા વણ સિદ્ધિ નથી;
જન્મ મરણની મટશે ઘાત,ખખ્ખા ખરેખરી છેવાત.૨
ગગ્ગા ગુરૂની સેવા કરો, પરનિંદા પરધન પરહરો;
પ્રપંચ તે પડવાનો ઠામ, સાચે રાચે સીતારામ;
એ શિખામણ ચિત્તમાં ધરો,ગગ્ગા ગુરૂની સેવા કરો.૩
ઘઘ્ઘા ઘણું કહે શું થાય, ભવ તરવાનો એ ઉપાય;
સમજીને શંસય ટાળવા, બાહ્ય ભીંતર હરી ભાળવા;
જોતાં જીવ દશા તો જાય, ઘઘ્ઘા ઘણું કહે શું થાય. ૪
નન્ના નિર્મળ તેની દશા, જેને હરી રૂદિયામાં વસ્યા;
પોતાના અવગુણને હણે, પરના તો રૂદિયે નવ ગણે;
કોના દોષ ન દેખે કશા, નન્ના નિર્મળ તેની દશા. ૫
ચચ્ચા ચિત્તમાં ચેતી લે, માથે મરણતણો છે ભે;
કાયા ઉપર તાકે કાળ, મોહ પારધીએ માંડી જાળ;
તેમાં હરી રાખે તો રહે, ચચ્ચા ચિત્તમાં ચેતી લે. ૬

છછ્છા છે માયા ગુણમયી, બળવંતી પણ દિસે નહિ;
દાનવ માનવ ને દેવતા, આધીન થઈ સૌએ દેવતા;
હરીજન આગે રહી, છછ્છા છે માયા ગુણમયી. ૭
જજ્જા વિરલો જાણે ભેદ, માયા પ્રપંચ વિધિ નિષેધ;
તે માયાનું તજવું માન, માયાપતિ ભજવા ભગવાન;
અંતરમાં ઉપજે નિર્વેદ, જજ્જા વિરલા જાણે ભેદ. ૮
ઝઝ્ઝા ઝાંખી જોને જેહ, વણ વાદળ જ્યાં વરસે મેહ;
વિના સરોવર અંબુજ સાર, વિના ભ્રમર ઉઠે ગુંજાર;
વિના અર્ક અજવાળું જેહ, ઝઝ્ઝા ઝાંખી જોને તેહ. ૯
નન્ના નામ નાવ છે સાર, જે બેસે તે ઉતરે પાર;
કાળ કર્મ નહિ લાગે લેશ, છે આનંદી હરીનો દેશ;
તે પદને પામે નિરધાર, નન્ના નામ નાવ છે સાર. ૧૦
ટટ્ટા ટેક જનમનો ટળે, અંતરજામી ઘટમાં મળે;
નાના મોટા હરીના ઘાટ, કાંઇ સુક્ષ્મ ને કાંઇ વૈરાટ;
હરીને ભજતાં હુંપદ ગળે, ટટ્ટા ટેક જનમનો ટળે. ૧૧
ઠઠ્ઠા ઠેકાણું છે ઠીક, જ્યાં ન મળે બીજાની બીક;
નિર્ભય નારાયણનો વાસ, પ્રેમ ધરીને રાખે પાસ;
સમજુ માની લેને શીખ, ઠઠ્ઠા ઠેકાણું છે ઠીક. ૧૨
ડડ્ડા ડહાપણ મુકી દે, સદ્ગુરૂને શરણે જઇ રહે;

વચનતણો રાખી વિશ્વાસ, કુકલ્પનાનો કરજે નાશ;
ઉપાધીથી અળગો રહે, ડડ્ડા ડહાપણ મુકી દે. ૧૩
ઢઢ્ઢા ઢોલ વગાડી કહ્યું, રૂડા પુરૂષને હૃદીયે રહ્યું;
સમજ્યા તેણે લીધો સાર, ગાફલ નર તો ખાશે માર;
જોતામાં જોબન તો ગયું, ઢઢ્ઢા ઢોલ વગાડી કહ્યું. ૧૪
ણેણા લખ ચોરાસીતણું, તેનું વ્યાજ વધે છે ઘણું;
દાણું મુરખમાં ડુબી ગયો, દેવાળું કાઢીને રહ્યો;
જિમ કિંકર કરશે તાપણું, ણેણા રણ ચોરાસીતણું.૧૫
તત્તા તારૂં આપ તપાસ, ક્યાંથી આવ્યો ક્યાં તું જાશ;
ખેપ કરીને ખોળી કાઢ, હરીફ હોય તો લાગે હાડ;
મુરખના મનમાં નહીં ત્રાસ,તત્તા તારૂં આપ તપાસ.૧૬
થથ્થા સ્થિર તો રહેવું નથી,કોણ રંક કોણ પૃથ્વીપતિ;
આજ કાલમાં જાવું સહી, કોટી ઉપાયે રહેવું નહીં;
ભાવ ધરી ભજ કમલાપતિ,થથ્થા સ્થિરતો રહેવું નથી.
દદ્દા દેહ દેવળમાં દેવ, સેવક થઇને કરને સેવ;
પ્રેમ પુષ્પ ને ચંદન હાર, જ્ઞાનદીપક ઘટમાં અજવાળ;
અંતરનો ટાળે અહમેવ, દદ્દા દેહ દેવળમાં દેવ. ૧૮
ધધ્ધા ધરજે ધારણ ધીર, વાચ્ય કાચ્છ વશ રાખે વીર;
શબ્દતણી ગ્રહજે શમશેર, શત્રુદળમાં પાડે ભેળ;

સદ્ગુરૂ બખ્ખર પહેર શરીર, ધદ્ધા ધારણુ રાખજે ધીર.
નન્ના નીશાન ગુરૂનું છેય, ધીર વીરનો સાચો સંગ્રામ;
કાયર નરનું નહીં ત્યાં કામ, શુરવીરનો સાચો સંગ્રામ;
જીત્યા નિર્ગુણ જગમાં જેય, નન્ના નિશાન ગુરૂનું છેય.
પપ્પા પુરાની જે પ્રીત, મેરૂ ચળે પણ ન ચળે ચિત્ત;
ધ્રુવની પેરે અવિચળ રહે, સ્તુતિ નિંદા ને સુખ દુઃખ સહે;
નારાયણને નીરખે નીત, પપ્પા પુરાની જે પ્રીત. ૨૧
ફફ્ફા ફોગટ તે કોણ ફરે, સચેત થઈ હરી સ્મરણ કરે;
જનમ મરણના આવે નહીં, જેનું મન વસ્યું હરીમાંહી;
જઠરા વાસ ન નિશ્ચે કરે, ફફ્ફા ફોગટ તે કોણ ફરે. ૨૨
ભભ્ભા ભજનથકી ભય ટળે, નિશ્ચય કાળ કરાસન ગળે;
ભેખ ધરે જો સિદ્ધિ થાય, ભાંડ ભવાયા વૈકુંઠ જાય;
જેવો ભાવ તેવા હરી ફળે, ભભ્ભા ભજનથકી ભયટળે.
મમ્માએ માયા મનની જાણ, મારૂં તારૂં ખેંચા તાણ;
સઘળે સરખો આતમરામ, સાંધા વાંધા મનનું કામ;
માટે મન હરીચરણે આણ, મમ્મા માયા મનની જાણ.
જજ્જા જીવપણું જેહને, શંસય શોક સદા તેહને;
આતમબુદ્ધિ ન ઉપજે કદા, આશા તૃષ્ણા ને આપદા;
દેહ દરશી દેખે દેહને, જજ્જા જીવપણું જેહને. ૨૫

રેરા રામભજનમાં રહે, બીજું બકવું મુકી દે;
વળતો શીદ વદે છે વાદ, નીર વલોવે ન આવે સ્વાદ;
હરીનું હારદ હેતે ગ્રહે, રેરા રામ ભજનમાં રહે. ૨૬
લલ્લા લે તું આતમ લાવ, ફરી ફરી નહીં આવે દાવ;
જીતી બાજી હારીશ નહિ, સમજીને શિખામણ કહી;
હવે ન ચુકીશ આવ્યો દાવ, લલ્લા લે તું આતમ લાવ.
વવ્વા વેદ વચન નિરધાર, જે પીછે તે પામે પાર;
ઊંચ નીચનો અંતર નથી, સમજ્યા તે પામ્યા સદગતિ;
સંશય શોક તજજો અહંકાર, વવ્વા વેદવચન નિરધાર.
શશ્શા સાધન સર્વે થયું, જેનું ચિત્ત હરી ચરણ રહ્યું;
હરતાં ફરતાં હરીનું ધ્યાન, તપ તીરથ તેને બહુ દાન;
ખખ્ખા ખાંડનાં બીબાં ભરે, કોયલ કાગડો કુંજર કરે;
મીન મગર બહુ જળચર જાત, જેવું બીબું તેવી ભાત;
મિસરી જોતાં તો મન ઠરે, ખખ્ખા ખાંડનાં બીબાં ભરે.
સસ્સા સઘળે સુંદર શ્યામ; હરી વિના નહિ ઠાલો ઠામ;
અનેક રૂપે એનાં નામ, આદે અંત એકજ રામ;
જો સમજે તો પુરણ કામ, સસ્સા સઘળે સુંદર શ્યામ.
હહા હરી ભાળો ભરપુર, દોષ કર્મ તો રહેશે દુર;
રવિ ને રજની નહીં કો કાળ, તેમ આતમા પુરણ ભાળ;

નિર્મળ નયણે નિરખો નુર, હદા હરી ભાળો ભરપુર.
સૌ અક્ષર સંપુર્ણ થયા; હરી ગુરૂ સંતે કીધી દયા;
અક્ષર અક્ષર આતમબોધ, જો સમજે તો ટળે વિરોધ;
સંવત અઢારબત્રીસી સાલ,ચૈતરસુદ સાતમ સોમવાર;
સંધેસર સાધુનું ધામ, ઠાકોર કુંજબિહારી નામ;
પ્રીતમ પ્રેમે અક્ષર કહ્યા, હરી ગુરૂ સંતે કીધી દયા.

ઉપદેશ.

દેહ મનુષ્ય ધરી, હરી ના જાણ્યા તેણે સરવસ ખોયું;
મારા વાલાજી, મહામણિ મુકીને પથ્થર ચિત્ત પ્રોયું.
તેં અમૃત ઢોળી વિષ પીધું, તેં હાથે કામ કુડું કીધું;
તેં મિથ્યા માતને દુઃખ દીધું. દેહ૦ ૧
તને જાળવીઓ જઠરામાંહી,તારૂં રક્ષણ કર્યું પ્રભુએ ત્યાંહી;
તેને સંભાર્યા સ્વપ્ને નહિ. દેહ૦ ૨
તેં જગતપતિને નવ જોયો,કલ્પવૃક્ષ તજી બાવળ બોયો;
તેં ઉત્તમ જન્મ એળે ખોયો. દેહ૦ ૩
એની દેહશુદ્ધ અશુદ્ધવાણી,જેણે પ્રીતપ્રભુશું નઆણી;
એ અધમ જાત પામર પ્રાણી. દેહ૦ ૪
એને કૃતઘ્ની સરખા કહીએ,તેની સંગતે સરખા થઈએ;

કહે પ્રીતમ એથી અળગા રહીએ. કેહ૦ ૫

હરી ભજન કરો, ભય જમદુતનો ભક્તિ ભાવે;
અંતકાળ સમે, હરીનું બાનું હોય ત્યાં જમ શીદ આવે;
જેને તીલક છાપ તુલસી માળા,
જેને મુખડે ગોવિંદ ગોપાળા;
તને રે જમડા કાળા. હરી૦ ૧
એવો ભજનતણો પ્રતાપ છે,
જેને ભક્ત નામની છાપ છે;
તેને લખચોરાશી માફ છે. હરી૦ ૨
એવું નીર્ભે નારાયણનું બાનું,
જેનું ત્રિલોકમાંહી નથી છાનું,
જેનું બોળે નરવિ નંદન પાનું. હરી૦ ૩
પ્રાણી મારૂં મારૂં ન મિથ્યા કરવું,
એક ધ્યાન હરીનું નિત્ય ધરવું;
કહે પ્રીતમ ભવસાગર તરવું. હરી૦ ૪

રાગ્જીયા.

જાગો જાગો જીવ લાડકારે, તમને કહું છું શીખ;

કહ્યા પ્રમાણે જો ચાલશો, ત્યારે તમને છે ઠીક.
રામ રટોને કાંઇ રંગમાં. ૧
લખચોરાશીની વાટમાં રે, ધર્યા બહુ અવતાર;
મનખો મળ્યો ઘણી મહેનતે, નથી વારંવાર. રામ૦ ૨
કોઈ આગળ કોઇ પાછળ રે, જાવું જરૂર;
રહ્યું નથી ને રહેશે નહીં, રાંક રાણાને સુર. રામ૦ ૩
નિવૃત્તિ કહે છે નાથને રે, નહીં માનો મારી વાત;
પડશો પ્રવૃત્તિના પાસમાં, પછી પછાડશો હાથ. રામ૦ ૪
ન હોય કુટુંબ એ તારૂં રે. ભજો રામ મુકી લાજ;
રણ સંબંધે આવી મળ્યું, લેણાદેણાને કાજ. રામ૦ ૫
ન હોય તરૂણી એ તારી રે, દાખે સ્વપ્નનું સુખ;
વીકાર તેથકી વાધશે, પછી દાવાનળ દુઃખ. રામ૦ ૬
પુત્રને પેટ પીતા અવતાર, પીતાને પેટ પુત્ર;
અદભુત ખેલ રામનો, એમ ચાલ્યું ઘરસુત્ર. રામ૦ ૭
પાળીપોષીને મોટા કરે રે, જીવને આણીને શોષ;
તે પુત્ર મુખ મેલે દેવતા, જુઓ ગુણના ભાઈ દોષ. રામ૦ ૮
જાળ પડે છે એક એકથી રે, એવો માયાનો ખેળ;
અન્યોઅન્યે વળગીરહ્યું, માટે જાય ઘરબોળ. રામ૦ ૯
કાયા પરપોટો છે નીરનો રે, ફુલ્યો ફુટીને જાય;

ગુરૂ ચરણ પ્રતાપથી, નરભેરામ જશ ગાય. રામ૦૧૦

જુઓને નીર ઝાકળતણું રે, દેખે છે સૌ લોક;
પળ પછી કાંઇ ન મળે, એમ જોઅન છે ફોક;
રામ રટોને કાંઇ રંગમાં.
નિવૃત્તિરાણી એમ બોલીયાં રે, મને નાથની છે ભાળ;
કહ્યુંકરો તમે કંથજી, ફરી નહીં આવે તાલ. રામ૦ ૧
નાટક વિશ્નુએ રચ્યું જયારનું રે, વીતર્યા ચૌદ માળ;
અથડાયો છે જીવ ત્યારનો, વેઠ્યા કોટીક કાળ.રામ૦ ૨
સતીતણું કહ્યું સાંભળી રે, લાગ્યો રામને રંગ;
દશકો નિવૃત્તિનો વહિ ગયો,પછી પ્રવૃત્તિનોસંગ. રામ૦૩
સંતાન થયાં નિવૃત્તિને, પ્રાણ પુરૂષને સંગ;
ધર્મ સંતોષ વડા દીકરા, જેનો અદભુત રંગ. રામ૦૪
શાંતિ સંતોષની નાર છે રે, દયા ધર્મ ને શરણ;
વિવેક વૈરાગ્ય વિચારજી, પુંછેવાળના ત્રણ. રામ૦ ૫
જ્ઞાન ધણુ છે વૈરાગનાં રે, ક્ષમા વિવેકની નાર;
અક્કલ વહુ છે વિચારનાં, એક સુરતી કુંઆર. રામ૦ ૬
એ તો પરંવાર નિવૃત્તિનો રે, સંકેતમાં કહેવાય;
ગુરૂ ચરણ પ્રતાપથી, નરભેરામ જશ ગાય. રામ૦ ૭

પ્રવૃત્તિરાણી પછી બોલીયાં રે, ન હોય તમારા ઢંગ;
હુશારત થશે તમતણી, નવ કરો એનો સંગ.
રામ રટોને કાંઇ રંગમાં.
નવ કરો કહ્યું શોકયનું રે, તમને દઉં છું શીખ;
જોગી કર્યાંની આશા એહને, કંઇને મંગાવી ભીખ. રામ૦
અકબરશાહને એ મળી રે, કરી મુકયો ફકીર;
ટુકડામાગતો તેને કર્યો, ઉતાર્યું માપ નીર. રામ૦ ૨
વાણી મધુરી મુખ ઓચરી રે, દાખ્યું સ્વપ્નનું સુખ;
રળતાંખપતાં દીન વહીગયા, પછી વળીગયું મુખ રામ૦
શ્વેત કેસો ત્વચા લડબડી રે, આવ્યા નેતરે બેતાલ;
દંતપુરી તો ઉજડ થઇ, આવ્યો ઢુકડો કાળ. રામ૦
લોભ પ્રવૃત્તિનો દીકરો રે, જેની લાલચ નાર;
ક્રોધની અશીષા કામની, તૃષ્ણા એક કુમાર. રામ૦
જમને મારે ઝાડા થાય છેરે, આવ્યા આગળ કર્મ;
કોઠા ચોખાળો બીજે કહે, કોઈ જાણે વતિ મર્મ. રામ૦
જમને મારે આંસુડાં પડેરે, દેખી વહાલાને રોય;
ઝડ વાગી છે માંહે જમની, તેતો જાણે નહીં કોય. રામ૦
સાથ પ્રવૃત્તિનો સહુ ગયો રે, આવી નીવૃત્તિ નામ;
ગુરૂના ચર્ણ પ્રતાપથી, રટે નરભો શ્રી રામ. રામ૦

જીવ ગયે સુનું સો થયું રે, કાયા નગ્ર સુનકાર;
દશ દરવાજા બંધ થયા, તુટ્યા શ્વાસના તાર.

રામ રટોને કોઇ રંગમાં.

મુવા જીવને રોતું નથી રે, રડે સ્વારથ સગાઇ;
પોતપોતાનું સર્વે રડે, પ્રગટ આપું છું ગાઈ. રામ૦
રડે તરૂણી કેવું કહી રે, છુટા મુકીને કેશ;
ગયું ભણીતળ માહરૂં, જાણીને બાળેવેશ. રામ૦
સાસરવેલી શું કરૂં, પરણ્યાએ કર્યા પેર;
હાવે ચમો તે શું કરૂં, પરણ્યાએ કર્યા કેર. રામ૦
ઓથને માટે રડે બંધવા રે, ભુજ લલાટ લગાઇ;
રણમાં મુકયો મને એકલો, તને ઘટે નહીં ભાઇ. રામ૦
માતપીતા કેવું રડે રે, પાળે ઘડપણ મ્હારૂં રે;
પુત્રી ભગની કેવું રડે રે, સાસરવાસાને સારૂ રે. રામ૦
પુત્ર બાળાપને કેવું રડે રે, નથી દામ રતી રેખ;
દીવસ પાણી ભરી શીવડે, નથી ચારો રહ્યો એક. રામ૦
જમશે કે સહેશે ભુખને રે, જડશે જમનો માર;
તેમાંનું કાંઇ કહેતું નથી, મારે જુઠો પોકાર. રામ૦
સ્વારથે સર્વે રડે રે, વળી કાંઇ લોકાચાર;
જન નરભા રટો રામને, નહીં તો ખાસો પેંજાર. રામ૦

કડીયા સુતાર સલાટને રે, ઘણો રાખ્યો છે હામ;
ગગનમાં મહેલ ગાજી રહ્યો, રહ્યા નહીં કદી રામ.
રામ રહોને કાંઇ રંગમાં.

મોહોલ કરાવ્યા મોકળા રે, બહુ બારીયોના કામ;
ઓચિંતા ઉઠીને ચાલીયા, નથી પહોંચી કાંઈ હામ. રામ૦

આવો હીંચોળાખાટ હીંચીએરે, રવી ઉગમતે ભાણ;
સુખ તમારાં સંભારતાં, મને વાગે છે બાણ. રામ૦

બચ્ચકે બનાતો બાંધી રહી રે, ઘણો ઓઢવાનો પ્રેમ:
ઘડયો તેની ભાગી નથી, રહી એમની એમ. રામ૦

શાલો લીધી છે મોઘા મુલની રે, લીલા પીળા છે રંગ;
ઓઢી પહેરી નથી નીસર્યા, નથી અડકાડી અંગ. રામ૦

સ્વામી તમેહો ભુખાળવા રે, જાણું તમારી વાત:
વહાણું વાયાની વેળા માગતા દુધ શાકરને ભાત. રામ૦

ચાર દિવસ જતા જાતરા રે, ખાવા રાખતા સાથ;
લાંબેપંથ તમે ચાલીયા, કાંઇએ બાંધ્યું નહીં સાથ. રામ૦

ધન ધરતીમાં દાટ્યાં રહ્યાં રે, સાથે લીધું ન કાંય;
તે ધનને કયારે કાઢશો, તમે ત્યાં અમે આંય. રામ૦

તડકે તમે નથી નીસર્યા રે, ઘણું કોમળ મુખ;
સાણસીએ જમડા ચુંટશે, કેમ વેઠશો દુઃખ. રામ૦

ચાર વહુઓને ચાર દીકરા રે, નામે ચરણુમાં શીશ;
શામાટે મુખથી બોલતા, એવડી શીછે રીસ. રામ૦
ઓચિંતા ઉઠીને ચાલીયારે, તેનો શો કહું વિવેક;
બીડી આપું મારા હાથની, લેતા જાઓને એક. રામ૦
જોતા જોતામાં ચાલી ગયારે, કંઇ બાપના બાપ;
જીવની સાથે એ સંચરે, એક પુણ્ય ને પાપ. રામ૦
ગુરૂ છોટાલાલ પ્રતાપથી રે, જાગી નરભા તું જોય;
લેખેદેણે આવી મળ્યું, નથી તેનું હવે કોય. રામ૦

નાથ તમે જાનત હો સબ ઘટકી,
મીરાં ભક્તિ કરે પરગટકી. નાથ તમે૦ ટેક.
ધ્યાન ધરી મીરાં ફેર સમરલો;
સેવા કરે રઘુવરકી;
સાલીગરામકું તુલશી ચડાવત,
ભાલ તિલક બીચ ટપકી. નાથ૦ ૧
કૃષ્ણમંદિરમાં મીરાંબાઈ નાચત,
તાલ મૃદંગ બાગે ચુટકી;
રૂમઝુમ પાયે ઘુઘર બાજત,
લાજ ખોલો ઘુંઘટકી. નાથ૦ ૨

વિખના પ્યાલા રાણાજીએ ભેજ્યા,
સાધુ સંગાથે મીરાં અટકી;
કરી ચરણાંમ્રત પી ગયાં મીરાં,
શીશ બની અમૃતકી. નાથ૦ ૩
ઘરકી નીકળી ચલી રે કેદારે,
શિરપર ગાગર મટુકી;
બાઈ મીરાં કહે પ્રભુ ગીરધર નાગર,
જેસી દોરી ખેલત નટકી. નાથ૦ ૪

રણછોડજીની તીથીઓ.

સખી પડવે પુરણ બ્રહ્મ, જે કોઈ જાણે રે;
રૂડા રણછોડજીનો ધર્મ, વેદ વખાણે રે. ૧
સખી બીજે બોડાણોજી, બોલ બોલ્યા એબારે:
રાખશો તો રહેશે તોલ, ઉપજે એવારે. ૨
સખી ત્રીજે તે તુલસીનાં વન, પ્રભુજીને પ્યારા રે;
હાથમાં વાવે હરીના જન, શોભે સારા રે. ૩
સખી ચોથે ચાલ્યા જાય, વસમી વાટે રે,
રૂદીયામાં રણછોડરાય, મળવા માટે રે. ૪
સખી પાંચમે પળીયા પંથ, તડકા તનમાં રે;

સેવા કરે હરીના જન, મારા મનમાં રે. ૫
સખી છઠે છાપાં અંગ, ધણીનાં ધરીયાં રે;
રાખો ફદીયા સાથે રંગ, હવે મન હરીયાં રે. ૬
સખી સાતમે સુંદર શ્યામ, મોહન મળીયા રે;
હું તો આવીશ તમારે ગામ, ફેરા ફરીયાં રે. ૭
સખી આઠમે જેઠી વહેલ, બળવંત બેઠા રે;
પુરવદેશમાં કરી મહેર, પંથમાં પેઠા રે. ૮
સખી નુમે નમવા જાય, આણી રાખે રે
સેવક સુતા સાંગીઆંય, હરી રથ હાંકે રે. ૯
સખી દશમે આવ્યા ઠાકોર, હરજી હસીયા રે;
તે ઠેકાણે ઠાકોર, વ્હાલો મારો વશીયા રે. ૧૦
સખી એકાદશીના દન, ગુગળી ઘેર્યા રે;
મધરાતે આવ્યા મહારાજ, હેરણ હેર્યા રે. ૧૧
સખી બારસે બાંધ્યા છે બંધ, સેવકથી છાનાં રે;
સોનું તો સવા વાલ, પુંજમાં પામ્યા રે. ૧૨
સખી તેરસે ગુગળી ઘેર, પાછા ફરીયા રે;
મધરાતે આવ્યા મહારાજ, કારજ સરીયા રે, ૧૩
સખી ચઉદશે ચરણામ્રત, પ્રેમે પીધાં રે;
હરી કઠણ થયા નંદલાલ, શદેશા ન કીધા રે. ૧૪

સખી પુનમે પુજા થાય, શોભા સારી રે;
દુનીયા દરશન કરવા જાય, નર ને નારી રે. ૧૫
સખી પંદર તથો સાતવાર, જે કોઇ ગાશે રે;
તેને મળશે દ્વારકાનો નાથ, વૈકુંઠ જાશે રે. ૧૬

આરતી.

જે રણછોડ રાયા, જે રણછોડ રાયા;
આરતી કીજે મહારાજા, નીસોપે નવ માયા. જે૦ ૧
મોર મુગટ શીર છત્ર બીરાજે, મણી માણેક ઝળકે;
પુષ્પ મુગતાના તોરા, ચરણ સુધી લટકે. જે૦ ૨
પાઘ કસુંબી ઝીણા સરબંધ, છોગાં વાંકુ ધરીઆં;
તિલક લલાટ હીરા માણેક, મોતી બહુ જડીઆં. જે૦ ૩
કેસરી અહં મકરાકૃત કુંડળ, રવિ સુત જેવાં જડીઆં;
એક કટાક્ષે ભ્રકુટી ફેર, ત્રણભોવન પડીઆં. જે૦ ૪
અમુલ વરની આંખલડી, ધર્યું ચીબુક ગાલે;
મુખારવિંદતણી શી શોભા, કેસરી છે ભાલે. જે૦ ૫
અમુલ્ય હીરા હાર બીરાજે, કોટી રવિ ચળકે;
કૌસ્તુભમણિ કંઠમાં ચોપે, માળા બહુ લળકે. જે૦ ૬
અનેક આભુષણ રત્ન હીમનાં, પુષ્પની માળા,

તુલસીહાર ચડાવે પ્રભુને, તે જન બહુ વહાલા. જે૦ ૭
જરકસી જામો અંગે સોહે, વિવિધ બહુ ભાતે;
ઇંદ્રાદિક બ્રહ્માદિક સર્વે, સ્તુતિ કરે ખાંતે. જે૦ ૮
ચત્રુભુજ પુરૂષોત્તમ પુરણ, અવીનાસી નામે;
શંખ ચક્ર ગદા પદ્મ બીરાજે, બેઉ દક્ષણ વામે. જે૦ ૯
કટી મેખલા પીતાંબર ઉપર, બાંધ્યા છે પટકે;
દીનોનાથ દીસે છે દયાળુ, અજબ બન્યો લટકે. જે૦૧૦
ચરણ કમળ આણંદ સાગર, સેવક સુખકારી;
જે જન આવી નિરખે પ્રભુને, દુઃખ કાપે ભારી. જે૦૧૧
છડી વાંસલી નેપુર ઓપે, નટવરને વેશે;
ગોપ થઇ ગાયો ચારી, ગોપી રમ્યા રાસે. જે૦૧૨
જે પ્રભુ આપ અનાથનો નાથ, તે ડંકપુર વાસી;
ડાકોરનાથ થઇને બેઠા, પોતે અવિનાશી. જે૦૧૩
આઠે શિખર ગોડીધર ઉપર, ચોઘડીયાં વાગે;
નોબત શબ્દ સુણે જે પ્રાણી, દુઃખ તેના ભાગે. જે૦૧૪
દરશન દીનાનાથ દયાળુનાં, જે આવી કરશે;
કોટી જન્મનાં પુરણ પ્રાયશ્ચિત, તે પળમાં હરશે. જે૦૧૫
આરતી એ પુરસોતમકેરી, પ્રેમ ધરી ગાશે;
સુખ સંપત પામી તે પ્રાણી, વૈકુંઠે જાશે. જે૦૧૬

કબીરનું ભજન.

અબધુત એસો ગ્યાની બીચારી, વામે કોણ પુરૂષ
કોણ નારી. અબ૦ ૧
બ્રાહ્મણકે ઘર નાહાતી ધોતી, જોગનકે ઘર ચેલી;
કલમા પઢકર હુઇરે તરકડી, તો આપેઆપ એકેલી.
નહીં પરણેલી હું તો નહીં કુંવારી, પુત્ર જણુ જણુહારી;
કાળી મુંડીકા કોઈ ન છોડ્યા, તો હજુએ બાળકુમારી.
સસરો મારો બાળો ભોળો, ને સાસુ બાળકુમારી;
પરણ્યો હમારો પારણીયે ઝુલે, તો મેરે ઝુલાવનહારી.
બ્રહ્મા વિષ્ણુ શંકર દેવા, તોને તીનુંકી મેં જાઈ;
એ તીનુકે ઘેર ધણીઆણી તો વેનકું ગોદ બોલાઇ.
નહીં જાવું સાસરીએ નહીં જાઉં પીયરીયે, સ્વામી-
કી સેજ સમાઇ;
કહેત કબીરા સુનો ભાઇ સાધુ, જોતમેં જોત મીલાઈ.

લે માળા રે લે માળા, તું તો મોહનવરની લે માળા;
નીરખી લે નટવર ન્યારા.
હરી હીરો તારા હાથ જો આવે, તો તુટે ત્રીકુટી તાળા;
આ જુઠી બાજીનું જોર ન કીજે, તારા છોડ મોટા

મમત ચાળો.

જઠરામાં જાળવીઓ તુને,ભુલી ભવ ભરતો મોટીફાળો:
કાયા તોરી કામ ન આવે, ફુંકે જલે જેમ અંગારા;
છોટો કહે છતમાં નવ છાકો, તો સેજ તરશો ભવપારા.

વારૂ મારા વીરા રે, ન કરીયે સંગ નીચનો રે જી;
નીચપણું નિશ્ચે નરકે લઈ જાય. વારૂ૦ ૧

આકડીઆનાં દુધ રે, અતિહે ઉજળાં રે જી:
તે પીધે તરત મૃત્યુ થાય. વારૂ૦ ૨

દુધડીયાં મંગાવો રે, ગવરી ગાયનાં રે જી:
સાકર ભેળે સ્વાદ અતિ ઘણો થાય. વારૂ૦ ૩

બાવળીઆ કંટાળો રે, અતિ અળખામણો રે જી;
તેને સંગે અંગને વસ્ત્ર ઉઝરડાય. વારૂ૦ ૪

આંબલીયાની છાયા રે, અતિ રળીયામણી રે જી:
તેને સેવે ફળની પ્રાપ્તિ થાય. વારૂ૦ ૫

ગુરૂના પ્રતાપે રે, જેઠીરામ બોલીઆ રે જી;
હેને અમને સંત ચરણમાં એ વાસ. વારૂ૦ ૬

ગરૂડ ચડી આવજો ગીરધારી,
લજ્યા મારી રાખજોરે મોરારી:
પરથમ પુજીયે શ્રી ગુરૂરાય,
એ કૃષ્ણને લાગું પાય;
ગુણ ગાવાની ઇચ્છા થાય. ગરૂડ ચડી ૧

પ્રથમ પુજીયે શ્રી ગુરૂરાય,
સદા કરજો અમારી સહાય:
પદ પુજીને પાવન થાય. ગરૂડ ચડી ૨

માતા આપો અવિચળ વાણી,
એમ ઇચ્છા રાખજો તમારી;
દાસ થાય અવિચળકારી. ગરૂડ ચડી. ૩

ધન ધન કુંતાજીરે માય,
જેણે સેવ્યા છે શંકર રાય;
પાંચ દેવે લીધો અવતાર. ગરૂડ ચડી. ૪

પાંચે પુત્ર તો પાંડવ જાણો,
છઠ્ઠાં દ્રૌપદીને વખાણો;
એમાં સંદેહ કશો નવ આણો. ગરૂડ ચડી. ૫

રાજા ધર્મ તો ધર્મના ધ્યાન,

રૂડા અરજુનના મન વિશ્રામ;
તેમાં ભીમક મહા બળવાન. ગરૂડ ચડી. ૬
રત્નવંતાની કુંવરી આવે,
સાથે જોસી સહેદેવને લાવે;
પાંચે પુત્ર પાંડુના કહાવે. ગરૂડ ચડી. ૭
હસ્તિનાપુરમાં ઓળ્યો પાડી,
માંડી બાજી તે પાસા ઢાળી;
પહેલે પાસે હસ્તિનાપુર હારી. ગરૂડ ચડી. ૮
બીજે પાસે તે ગરથ ભંડાર,
ત્રીજે ઉગરવા નહી આર;
એમ સાધ્ય છે વારંવાર. ગરૂડ ચડી. ૯
ચોથે પાસે ચતુરાઇ સારી,
પાંડવ હાર્યા છે દ્રૌપદી નારી;
સામો દુર્યોધન અહંકારી. ગરૂડ ચડી. ૧૦
ત્યાંતો સભા ભરાઇ છે સારી,
બોલ્યો દુર્યોધન અહંકારી.
તેડી લાવોને દ્રૌપદી નારી. ગરૂડ ચડી. ૧૧
સતી ભરી સભામાં આવ્યાં,
સભા દેખીને મન લજવાયાં;

દુષ્ટે હસીને બોલાવ્યાં. ગરૂડ ચડી. ૧૨
સતી રમ્યા તમારારે સ્વામી,
હાર્યા રાજપાટ સતી ગામ;
આવી માંડો ઘર આ ઠામ. ગરૂડ ચડી. ૧૩
સતી આવી બેસોને ખોળે.
એવાં વચન દુર્યોધન બોલે;
તોયે સતીનાં મન ના ડોલે. ગરૂડ ચડી.૧૪
ખોળે બેસસે ગદા ભીમ કેરી,
તને કાળે લીધો છે ઘેરી;
તું તો જાદવ કુળનો વેરી. ગરૂડ ચડી. ૧૫
તને લાગ્યું સતીનું પાપ.
તને સતીએ દીધો શ્રાપ;
ખોળે બેઠો તે શોક સંતાપ. ગરૂડ ચડી ૧૫
દુર પંથ છે દ્વારકાં ગામ,
ત્યાંતો પોઢયા છે શ્રી ભગવાન;
જાગી જોઇ ધાયા ઘનશ્યામ. ગરૂડ ચડી. ૧૭
એમણે ગરૂડ સણગાર્યો તતકાળ,
ચીર નવસે નવાણું આણ્યાં,
આવી પુર્યાં છે શ્રી ભગવાન. ગરૂડ ચડી. ૧૮

સુદામાને બતાવેલી અકળલીલા.

એક વખત વિઠ્ઠલવર ચાલ્યા ભાવભક્તપરલાવ્યા;
બાળ સનેહિ સુદામાને મળવા માધવજી આવ્યા. ૧

સુદામાપુરીમાં પ્રભુ પધાર્યા નર નારીને હેત વાધ્યું,
પવિત્ર પત્નિ સુદામાની હરજીને આશન આપ્યું. ૨

સુદામા કહે છે નારીને ચડાવ્ય ચુલે તપેલી,
રીદ્ધ સીદ્ધને નવનિધ તે આ હરીએ મને આપેલી. ૩

મુષ્ટી તાંદુલ લઇ માધવે મને ઘણો ગ્રહસ્થ કર્યો,
દળહળ હતુ દાણા ન મળતા તે દુખનો દીવસ હર્યો. ૪

શામા રસોઇ કરવા બેઠી શાક પાક સામગ્રી ઘણી,
રોટલીની શેર કણેક બાંધી તેમાંથી અઢશેર વણી. ૫

સુદામા કહે શામને શીદ ભુખ્યા બેસી રહીયે,
રસોઇ તૈયાર થવા આવી નદીયે નહાવાને જઇયે. ૬

એટલે ઉઠયા શામ સુદામા એક એકના કર ઝાલ્યા,
સ્વચ્છ ધોયેલાંવસ્ત્રજલીધાં વાતો કરતા બેઉ ચાલ્યા. ૭

સુદામા કહે સુણો શામજી, હું બ્રાહ્મણપર હેત લાવો,
લોક વાત કરે છે માટે, અકળલીલા બતાવો. ૮
એ અકળલીલા જોવાને મોહન હું મરૂં નથી,
શામ કહે અકળ લીલા જોવામાં કાંઈ સાર નથી. ૯
સુદામા કહે મારે જોવી એમ કરતાં નદીએ આવ્યાં;
અકળલીલાહરજીવનજી દેખાડવા દીલ ભાવ લાવ્યા૧૦
શામ કહે સુણો સુદામા મન તણો મુમત મેલો;
આપારથી ડુબકી મારો તે પેલેપાર કોણજાયપહેલો૧૧
એમ કહી મુમતે ચઢીયા, પડીયા નદિના નીરમાં,
ત્રણ લોકના નાથજ ત્યાંથી જઇ ઉભા સામી તીરમાં૧૨
અકળલીલા નથી ઓછી નઉતમ નટવર નાગરમાં
હરજીએ હડસેલી મેલ્યા સુદામાને સાગરમાં. ૧૩
બે ઘડીકાએ બહાર નીકળ્યા પસ્તાવો મનમાં કરતા;
ક્યાંગયું ઘરનેક્યાંછેજીવનશામ આંખેઆંસુ બહુ ભરતા૧૪
ભારે જળ જોઇ ભડકીઉઠ્યા ભજવા માંડ્યા દીનબંધુ,
નદીમારી ક્યાં નાશીગઇ ક્યાંથી આવ્યોઆ સિંધુ.૧૫
આજળથીનહી જાવું જીવતો કહી જગદીશનું ધ્યાનધર્યું
દામોદરને દયા ઉપની સાગર વચ્ચે ગામ કર્યું. ૧૬

તેમાં મલેચ મનુષ્ય વસાવ્યાં અવળી રીતે તે ચાલે,
બ્રાહ્મણ શુદ્ર સરવે સરખા એકએકને કન્યા આલે ૧૭
તેવા ગામમાં ગયા સુદામા, નગરશેઠ સામા મળ્યા,
બ્રાહ્મણ તમે ભલે પધાર્યા કહીને સાથે લઇ વળ્યા. ૧૮
વીપ્ર કહે સુદામાપુરી કહો શેઠ કેટલે હશે,
શેઠ કહે સુદામાપુરમાં જાતાં વીશ વરસ થશે. ૧૯
વીસ દીનથી વહાણ ગયાંછે તે જઇને પાછાં આવશે,
પછી તમને ઘેર પહોચાડે સાઠ વરસે જવું ફાવસે. ૨૦
સુણી સુદામા સંતાપ કરતા કોને ઘેર જઇને રહીશું,
પેટપાપી પુણવાલાગશે કયાં જઇને અનજ ખાઇશું. ૨૧
શેઠ કહે સંતાપ ન કરશો સઉ તમારૂં કષ્ટ કાપું,
ખાવાપીવા ઓઢવા પહેરવા રહેવાને મંદિરઆપું. ૨૨
મારે પેટ છે પવીત્ર પુત્રી તે દેઉ તમને કન્યા,
સુદામા કહે લેઉ શુદ્રની થાય અતીઅધર્મ અન્યાય. ૨૩
ત્યારે શેઠ કહે આ ગામમાં બ્રાહ્મણ શુદ્ર સહુ સરખા,
સઘળેએઠું અન મળવાનું ભુખે કયાંમારશો વળખાં ૨૪
એટલે સુદામા અકળાયા ગામ લોક ગરદન ઘાલે,
સાઠ વરસે ઘેર જવાનું અન્ન ઉદક વણ કેમ ચાલે. ૨૫
અન્ન ખાઇશું ને વટલાઇશું પરણ્યામાં ચીત્ત પેઠું છે,

નાત રહી સુદામાપુરમાં ત્યાં જાણવા કોણ બેઠું છે. ૨૬
એવું સમજી કન્યા પરણ્યા જુદું ઘરબાર લઇ રહ્યા,
પત્ની રાંધે પોતે જમે ભ્રષ્ટા ભેગા ભ્રષ્ટ થયા. ૨૭
સુદામાએ સંસાર માંડયો નારીને પાંચ પુત્ર થયા,
પડોશમાં એક અબળા મુઇતી તે સારૂ સ્મશાનગયા. ૨૮
ઘણું ક માણસ ગયું મસાણે મડદું છોડીને જુએ,
જે નારી મુઇ તેને નાથજી આંખે આંસુથી રૂએ. ૨૯
કાષ્ટ લાવી ચીતા ખડકી ચીંત્યામાં બહુ જીવ પેઠા,
નારીનું મુસ્તક ખોળામાં લેઇને પેઉ બળવા બેઠા ૩૦
સુદામા જોઇ વિસ્મય પામ્યા બળનારો મુરખ જેવો,
અસ્ત્રી સાથે પુરૂષ બળે આ અનરથ અવળો કેવો. ૩૧
તે સુણીને સહુ જન બોલ્યા સુદામા તું છે મતીઓ,
ગામ ચાલછે નારીપુંઠે સ્વામી હોય તે થાયસતીયો ૩૨
સુદામા કહે ચાલજ ખોટો તેને તમે માન્યો,
કોઇ પુરૂષ બળે નહીતેને કહો ભાઇ તમે શું કરો. ૩૩
લોક કહે ના તોડીએ ધારો બાંધીને સાથે લઇએ,
સારી રીતે બળે નહીતો પરાણે બાળી દઇએ. ૩૪
સુદામા કહે અરે શામજી સરવે લુચ્ચા લોક નડશે,
મારી પત્નીના પંડ પડે તો મારે પણ બળવું પડશે૩૫

એવો એવો સંતાપ કરતા ભજતા શ્રી અંતરજામી,
હરી લીલાથી સુદામાની પત્ની પણ મરણ પામી. ૩૬
સુદામાએ શબ દીઠું ને પોક મેલી રડવા બેઠા,
જાણ્યું મને જોડે બાળશે કોઠીયો વચ્ચે જઈ પેઠા. ૩૭
નગ્ર તણા ત્યાં લોકો આવ્યા મડદુ ઉપાડયું હાથે;
સુદામાને શોધી કાઢો બળવા સારૂ હયો સાથે. ૩૮
સુણી સુદામા થરથર કંપ્યા ખુણે રહી આંખ્યો ચોળે,
લોક લાંઠીઆ લઈ લાકડીઓ કોઠી કબાલા ખોળે. ૩૯
ખુણામાંથી ખોળી કાડયા, ખેંચીને બારણે લાવ્યા,
હાથ ઝાલી છુટવા ન દીધા તેડીને મશાણ આવ્યા. ૪૦
ચીતા ખડકી સૌ લોક બોલ્યા બાકી ન રહે વીત્યામાં,
પેહેલેથી સુદામા સમજી બીરાજો આ ચીતામાં. ૪૧
સુણી સુદામા કરે સોસના અગ્નિના ભડકા થાશે,
ફોલ્લા ઉઠશે પાણી છુટસે દુઃખ પામીને જીવ જાશે. ૪૨
અગ્નિ ન ખમાય ને જીવ જાય બળ્યું બળવું નારીસંગે
તે કરતાં પડું દરીઆમાં વેદના વ્યાપે નહિ અંગે ૪૩
એવું મન વીચારી બોલ્યા બળવાને તૈયાર થઉ છું,
ઉભા રહો ભાઇ મેલો મને એકવાર ન્હાવા જાઉછુ ૪૪
એમ કહીને છેતરી ચાલ્યા જળમાં જંપાપાત કીધો,

સ્નેહી સુદામાને શામળીએ નદીમાં ખેંચી લીધો. ૪૫
સુદામાએ ડોકું કહાડ્યું એટલે હસ્યા વનમાળી,
પ્રભુ કહે તમે છો પાછળ હું આગળ છું લ્યો તાળી. ૪૬
સુદામા કહે શાની તાળી ઘણાં વરસ વહી ગયાં,
સાચું કહેજો સમજે મારા કયારના અહીયાં ઉભા રહ્યા ૪૭
કૃષ્ણ કહે કે હમણા આવ્યા નારી રાંધી રહી હસે,
વિઠ્ઠલ કહે વસ્ત્ર જ પહેરો રસોઇ શીતળ થઈ જશે ૪૮
સુદામા કહે શું બોલોછો ઘણા દિવસ વહી ગયા,
અત્યાર સુધી રસોઇ રાંધે મુજ મિત્ર ઘેલા થયા. ૪૯
તે કરતાં તમારૂં બોલ્યું સત્ય હોય તો વાત કહું;
એ વારતા કોઇને નવ કહેશો જાણે તો હાંસી થાય બહુ ૫૦
મહારાજા સાથે સરત કરીને નદીપાણીમાં હું પડીયો,
કીનારો કેમ નહિ આવીયો સાગર જળમાં નીકળીઓ ૫૧
ત્યાં સોહામણું નગ્ર નિરખ્યું ભ્રષ્ટા ભ્રષ્ટી સૌ પ્રાણી,
ઉંચ નીચને ભેગું ભોજન આનીતી દુઃખની આણી ૫૨
ત્યાં હું ગયો વિવા થયો શુદ્ર જનના ઘરમાં પેઠો,
ખાન પાન સહુ સસરે પુરયું તેની પુત્રી વરી બેઠો. ૫૩
ચોખા રેહેવા મન પણ અન્ન ઉદક વણ ટળવળયો,
નીચ જાતી પરણ્યો તેનું રાંધેલું જમી મહી ભળીયો ૫૪

વટસઇને ઘર સંસાર માંડયો પાંચ પુત્ર તેનેજ થયા,
તેવાતને બહુ દિવસ વિત્યા તેવારનાશુ ઉભા રહ્યા.૫૫
સુણીને શામળીયો બોલ્યા ભાષણુ તમારૂ ભાવ્યું,
સેનો સીંધુ સેની સુંદરી તમને પણ સ્વપ્નું આવ્યુ૫૬
જાગૃતછોને લવરી માંડી ન બોલશો દુખશે ડાચું,
સુદામા કહે સોગનતમારા નથી સ્વપ્નું એછે સાચુ૫૭
શામ કહે સાચું હોયતો સંગ તમારો પરહરીએ;
બ્રાહ્મણ જાતી ભ્રષ્ટ થયા તેનીતો સોબત કેમકરીયે. ૫૮
વીઠ્ઠલ વદે કહ્યું વિશ્વમાં ચાડી કરવા ચોરે ચડું,
સુદામા કહે વાત કરશો પ્રભુ તમને પાયે પડું. ૫૯
તવ શામ કહે ચાલો સંચરિયે તમારી નારી પાસે,
મહારૂં કે તમારૂં સાચુ સઘળું તે ત્યાં જણાશે. ૬૦
લવરી ભાંગ પીધેલી કહિને કૃષ્ણે કર ઝાલ્યા,
ગાંડામાં ગણી મીત્રને સાથે લઈ મહોલે ચાલ્યા. ૬૧
ઘરમાં સ્નેહી સાથે પેઠા અકળલીલા બહુ પાકી,
રામાની રસોઈ જોઇ તો નવટાંકની રોટલી બાકી. ૬૨
તેવું જોઇને ઝાંખા થયા સુદામા પડીયા વીલા,
શામ કહે તમે સંસાર માંડયો તે સઘળી મારીલીલા૬૩
સુદામા કહે અકળલીલા શું વખાણું મુખ થકી,

ત્રીકમજી તમારી લીલા સ્વપ્ને પણ જોવી નથી. ૬૪
સુદામાજી બન્યા બાવરા ભક્ત જનને મન ભાવે,
વ્યાસ વલ્લભ વાણી વદેછે કૃષ્ણ કળ્યામાં કેમ આવે. ૬૫

શ્રી રામચંદ્ર કૃપાળુ ભજ મન હરણ ભવભય દારૂણં,
નવ કંજ લોચન કંજ મુખપર કંજ પદ કંજારૂણં.
કંદર્પ અગણિત અમિત છબિનવનિલ નિરજ સુંદિરં,
પટ પિત માંનહુ તડિત રૂચી સુચી નૌમી જનકસુતાવરં
શિર મુકુટ કુંડલ તિલક ચારૂ ઉદાર અંગ વિભુષણં.
અજાનુ ભુજ સર ચાય ધર સંગ્રામજીત ખર દુષણં.
ભજ દિનબંધુ દીનેશ દાનવ દલત દુષ્ટ નિકંદનં,
રઘુનંદ આનંદ કંદ કૌશલ્યચંદ દશરથ નંદનં.
ઇતિ વદત તુલસીદાસ શંકર શેષ મુની મનરંજનં,
રામચંદ કંજ નિવાસ કરૂં કામાદિ ખળદળ ગંજનં.

રૂક્ષમણી વિવાહ.

પદ ૧ લું રાગ હાળ.

કુંદનપુર વિવાહ રચ્યો, ભુપતિ ભીમકરાય;
કન્યા દેવા શ્રીકૃષ્ણને, આનંદ ઉર ન સમાય. ૧
રૂકમણીએ તે જાણીયું, ઉર આવ્યો અતિશે કાળ;
કન્યા ન આપું શ્રીકૃષ્ણને, એતો ગાયો તણો ગોવાળ ૨
રૂકમૈયાને તેડું મોકલ્યું, તેડાવ્યો શિશુપાળ;
રૂકમણીએ ખબર જાણી, અંતર ઉઠી જાળ. ૩
દુર ઘણી દ્વારામતી રહ્યો લગ્ન વચ્ચે દિન એક;
અંતરજામી આવજો, રાખજો મારી ટેક. ૪
એવું તે કહીને કુંવરી કાગળ લખવા આશ;
મુક્તાનંદ કહે માનુની, થઇ જગતથી ઉદાશ. ૫

પદ ૨ જું–રાગ ધોળ.

મારી સહાય લેજો અવિનાશીરે,
જાણી જનમો જનમની દાસીરે. ૧
વાંચી કાગળ વહેલા આવોરે,
મારા તનના તાપ બુઝાવોરે. ૨
દિન એક લગ્ન વચ્ચે આણીરે,
વહેલા આવો સારંગપાણીરે. ૩

જે તમે નાથ નહિ આવો વેહેલારે,
તજું સગ્નથી પ્રાણ હું પેહેલારે, ૪
કહે મુક્તાનંદ મોરારીરે,
વાલા રાખજે ટેક અમારીરે. ૫

પદ ૩ જું—રાગ ધોળ.

લઇને કાગળ વિપ્ર સીધાવ્યો,
હરિની કરૂણાથી દ્વારીકા આવ્યો. ૧
દેખીદ્વારીકાંમહાસુખધામ, જેનારાજાછેસુંદીરસ્યામ. ૨
વહાલેવિપ્રનેઆવતોજાણી, ઉઠયા સન્મુખસારંગપાણી ૩
પુછી એમણે કાગળ લીધો,વાંચી પત્ર હેએ દ્રઢ કીધો. ૪
પુજ્યાવિપ્રનેદેઇઘણું માન, જાવા તૈયારથયાભગવાન. ૫
સાથે રથમાં વિપ્રને બેસારી,ચાલ્યાકુંદનપુર મોરારી. ૬
એવાભક્ત વત્સલગિરધારી જાયમુક્તાનંદ બલીહારી. ૭

પદ ૪ થું—રાગ ઢાળ.

માનની મનમાં ચીંતવે, કેમ ન આવ્યા સુંદરસ્યામ;
વાર થઈ કેમ વિપ્રને, ન સર્યું મારૂં કામ. ૧
જો નહિ આવે જદુપતિ, તો તજીશ મારા પ્રાણ;
એવામાં દ્વીજ તો આવીયા, જેમ આવે રામનું બાણ. ૨
વિપ્ર વદન જોઈ વીનતાને, ઉર આવ્યો આનંદ અપાર.

પ્રાણજીવન પધારીયા, જુગજીવન જુગદાધાર. ૩
કુંદનપુર હરિ આવીયા, સુણી ભુપ ભીમકરાય;
સામા જઇ સનમાન કીધાં, આનંદઉર કેમ સમાય. ૪
ત્રીકમ તોરણ આવિયા, વરતીયો જેજેકાર;
મુક્તાનંદ કહે માનુનીના, પુન્ય તણો નહિપાર. ૫

પદ ૫ સું—રાગ ધોળ.

દેવી પુજ્યાનું મસ લઇને પ્યારીરે,
ચાલી નીરખવા કુંજબીહારીરે. ૧
સાથે લઇને પુજાનો સામાનરે,
નૈણે નીરખ્યા શ્રી ભગવાનરે. ૨
હરીના ભક્ત અનાદિના માનીરે,
ભાવે પુજ્યા ભગવાન ભવાનીરે. ૩
પછે રૂપ પ્રકાસ્યું બાળીરે,
પ્રેમે પામવા શ્રી વનમાળીરે. ૪
સંગે અસુર હતા રખવાળરે;
દેવી રૂપ પડયા તતકાળરે. ૫
વેગે આવીયા અંતરજામીરે,
મળ્યા મુક્તાનંદના સ્વામીરે. ૬

પદ ૬ ઠું—રાગ ધોળ.

કર સાહિને રથ પર લીધાં,
મન વાંછીત કારજ સીધ્યાં. ૧
કન્યા હરણ કરી હરી વળીયા,
સૈન્યા સહીત ત્યાં બળીભદ્ર મળિયા. ૨
વાંસે રૂકમૈઓ ચડયો શીશુપાળ,
કન્યા કેમ કરી લેશે ગોપાળ. ૩
બાંધી દ્વારકામાંથી લાવું,
નહિ તો પુરમાં પાછો ન આવું. ૪
જઇને જદુપતી સંગ જુદ્ધ કરીયો,
વાહાલે સરવે તણો મદ હરીઓ. ૫
રૂકમૈઆની વાઢી દાઢી,
કાપી કેશને મોકલ્યો છે કાઢી. ૬
રૂકમણીના શોક નીવારી;
મુક્તાનંદ મારવા મોરારી. ૭

પદ ૭ મું—રાગ ધોળ.

માધવપુરનો માંડવો, આવે જાદવ કુળની જાન;
પરણે તો રાણી રૂકમણી, વરવાંછીત શ્રી ભગવાન.
જાદવ જાનૈયા થયા, વળી માંડવીયા પણ સોય; ૧

વિધી સહીત વિવાહ રચ્યો, કસર ન રાખી કોય. ૨
માણકથંભ મંડપ રચ્યો, તે મધ્યે ચોરી બાંધી સાર;
મોહન આવ્યા માહરે, કોટી ભુવનનો કીરતાર. ૩
માથે તે મુગટ જડાવનો, કાને કુંડળ મકરાર;
બાંહે બાજુબંધ બેરખા કોટે કૌસ્તુભ મણીનો હાર. ૪
શોભે ઘણું શણગારમાં, પીતાંબર અતી ઉદાર;
હેમ કડા બેઉ હાથમાં, પાયે ઝાંઝરનો ઝમકાર. ૫
વાલાનું વદન સોહામણું, જાણે ઉગ્યો પુનમનો ચંદ.
મુક્તાનંદ કહે મોહનવરને જોતાં થાય આનંદ. ૬

પદ ૮ મું—રાગ ધોળ.

પછી લાડીનેશણગારીરે, પીઠી ચોળીનેપાટબેસારીરે; ૧
લીલીસાડીપરીતનસારીરે, જોઇને રીઝે શ્રી ગીરધારીરે. ૨
સોળશણગારઅંગેધરીરે, ચાલીબેટવાદેવમોરારીરે. ૩
સંગેમાનનીમંગળગાયરે,તેનીશોભાવર્ણવીનજાયરે. ૪
એવી રીતે મંડપમાં આવ્યારે, તેડી પીયુની પાસે પધરાવ્યારે. ૫
કરસાહયોસચરાચર સ્વામીરે, નારી માયરે મહાસુખ પામીરે. ૬
શોભેમાયરુ મહાસુખકારીરેજાયમુક્તાનંદબલીહારીરે ૭

પદ ૯ મું—રાગ ધોળ.

વરકન્યાનીજોડીઓીરાજે,જોતકોટી કામ છબીલાજે. ૧
વાજેદેવનાંવાજાંઅપાર,પરણ્યે અખીલભુવનનોઆધાર ૨
બ્રાહ્મણ ઓચરે વેદવચન,જેજેકાર થયો ત્રીભોવન ૩
ચારેફેરા હરીસંગે ફરીયા,નારી જગજીવનને વરિયા. ૪
શોભેઅખંડઅલૌકિક જોડ,માથે બત્રીસ ભમરીનો મોડ ૫
લાડો લાડી જમે કંસાર, તેનો નીગમ ન પામે પાર ૬
મુક્તાનંદમહા સુખકારી, એવાં ચરીત્ર કરે ગીરધારી. ૭

પદ ૧૦ મું—રાગ ધોળ.

કંસાર જમતાં કામની બોલે વીવીધ વચન રસાળ;
સ્યામ સુંદર તે સાંભળી, હસતા તે દીનદયાળ. ૧
બધાજન જેજેકાર ગાયે ગાંધ્રવ મધુરાં ગાન,
આનંદ નાચે અપ્છરા, આવે સુર ચઢી વૈમાન. ૨
બ્રહ્માદીક સુર પુષ્પ વ્રષ્ટિ કરે વારંવાર;
વરઘોડામાં ગરગડે, વાજીંત્રનો નહિ પાર. ૩
ચારે તે મંગળ વરતીયાં, વરકન્યાનીભલી જોડ;
રૂકમણી લઇ આવ્યા દ્વારીકાં શ્રી રણછોડ. ૪
દીન જાણી દયા આણી પુરી મનની આશ;
મુક્તાનંદ કહે ચરણ સેવા દાસને રાખો પાસ. ૫

પદ ૧૧ મું—રાગ ઢાળ.

કૃષ્ણ પરણ્યા રૂકમણીને, આ નગર મોઝાર;
જેણે એ વીવાહ નીરખીયો તેના પુન્ય તણો નહીપાર ૨
પ્રેમ શું માતાએ પોંખીયા જગજીવન જગ આધાર
લીએ ઉમંગે વારણા, પુત્રના વારંવાર. ૩
તે પુરવાસી સહુ પ્રેમશું નીરખે તે નટવર નાથ;
જન્મતેસફળ કરી જાણીઓ,મહા સુખીયોથયોસૌસાથ ૪
રૂકમણીયે ધારીયું તે સાચું કીધું શામ,
ભક્ત જનનાં વ્રત પાળે, એવા કરૂણા ધામ. ૫
અધમ જન ઓધારવા, થયા મનુષ્ય રૂપ મહારાજ;
પાવન જન વીસ્તારીઓ સુણતાં તે સીધે કાજ. ૫
નર નારી જે રૂક્ષમણીનો વીવાહ શીખે ગાય;
તેને રીઝે શ્રી હરી ભય પ્રાશ્ચીત પ્રલે થાય. ૬
શેશ પાર ન પામીયો, કહેતાં તે હરી જશ સાર;
તોયે તેનો ગુણ ગાવા, છે અધમ જન ઓધાર. ૭
મુક્તાનંદ કહે મહા પ્રભુની, અચળ જગમાં જોડ;
શ્રોતાજન જે સાંભળો તે, બોલો શ્રી રણછોડ. ૮

ધ્રુવાખ્યાન.

કવી.

શ્રી ગુરૂ ગોવિંદને પ્રેમશું લાગુ પાય;
આરાધું અવિનાશને એવા આદી નીરંજન રાય,
આદી નીરંજન અકળ સ્વરૂપ, રામે લીધા રમવારૂપ;
સૃષ્ટિ નીપાવા થઇ મનમાંય સુભટ પોઢયા જળમાંય.
જે જે વૈકુંઠરાય ૧
હરી જળમાં પોઢયા સહી શેષ, નાગ ઉપર તે જાય;
નારાયણની નાભીકમળથી, બ્રહ્મા પ્રગટ થાય.
બ્રહ્માના સ્વયંભુ તન, તેના પાંચે પુત્ર પાવન;
ત્રણ કન્યા બે પુત્ર વીખ્યાત, પ્રિયવરતને ઉત્તનપાદ.
જે જે વૈકુંઠરાય. ૨
ઉત્તાનપાદ નર નીપજ્યો, રાજા રૂપ નીધાન;
રાજાને બે સુંદરી, તેનાં સુરતી સુમતી નામ.
સુરતી ઉપર નહિ રે માન, તેના ધ્રુવજી એક સંતાન;
સુમતીઉપર છે ઘણું હેત,તેનો કુંવર ઉત્તમ એક.જે૦ ૩
ઉત્તમ ઉછંગ બેસાર્યો રાયે સભામાંહી એકવાર;

પુત્ર લડાવે પ્રેમશું રાણી, હઈડે હરખ અપાર.
હરખ ન માયે હઈડામાંય, ધ્રુવજી રમતા આવ્યા ત્યાંય;
ઉછંગ બેસવા કીધાં મન,અપરમા કહે કઠણ વચન. ૪

સુરતી.

અપરમા એમ બોલ્યાં ભુંડા, એ સુખ તુજને ક્યાંથી;
અભાગણીના પેટતણા તું, જાને અકરમી ઇહાંથી.
ઇહાંથી જઈ વનમાં તપ માંડ, હરી ભજીને કાયા છાંડ;
ફરી જન્મ લે મારે શરીર,તો તને રાજ અપાવીશ વીર.
વચનો વીનતાનાં સાંભળી, ઉતર્યો મોંનો રંગ;
મનભંગ થઇ નાંખ્યો નિશ્વાસ,રોતાઆવ્યા માની પાસ.
માયે ચાંપ્યા રૂદીયાસાથ,કહો કુંવર કોણે દુભવ્યા આજ.

ધ્રુવ.

આજ સભામાં માવડી, બેઠા ઉત્તમરાયને ખોળે;
ઉછંગ બેસવા હું ગયો, ત્યારે અપરમા એમ બોલે.
અપર કહે અભાગણીકેરા,સુખ માનોતો વન જાઓ વેલા
ફરી જન્મ લે મારે શરીર,તો તને રાજ અપાવીશ વીર.

સુરતી.

વળતી માતા ઉચરે, કુંવર હઇડે ન ધરીએ દુઃખ;
પુરણ પુણ્ય કીધાં હશે, ત્યારે તે ભોગવે છે સુખ.
સુખ આપણને ક્યાંથી વાલા,નિયમ ધર્મ કશાનથી પાળ્યા.

સુખ સંતોષ્યા જોગી જતી, તપ તીરથ વ્રત કીધાં નથી.
નથી સંતોષ્યા સાધુને, નથી આપ્યાં વિપ્રને દાન;
ઓછાં કર્મ જ્યાં આપણાં, ત્યારે કયાંથી રાયનાં માન.
માન ભોગવે ઉત્તમ નિત્ય, દત્તાવિના કયમ પામીએ વિત્ત;
જો હોય ઇંદ્રાસનનો ખપ, તો કુંવર જઇ માંડો તપ.
તપ માંડયું બ્રહ્માજીએ ત્યારે, પામ્યા પદ્માસન;
સેવા કીધી મનભાવતી, ત્યારે પ્રગટ્યા નારદ મુન્ય.
મુનિએ માંડયા મોટા જાગ, તપ તીરથ વ્રત થયા સુભાગ;
જો કરીએ શ્રીહરી પ્રસન્ન, તો અભાગીયા ટળીએ તન.

ધ્રુવ.

તને અભાગણી હું ટાળું, મા છું રે તમારો તન;
વનમાં જાઉં વેગે કરીને, સુખ સંભારૂં નહિ અન્ય.
સુખ સંભારે સાલે જેહ, વિશ્વંભરે પરઠીયો દેહ;
હરી મળેતો તાપ ઓલાય, નહિતર પ્રાણ વજુરે માય.

સુરતી.

માતાને આંસુ આવીયાં, ને અંતર ઉપજી દાઝ;
રાજાએ મને પરહરી, કુંવર તુંયે ફરે છે તાજ.
તુજવિના હું રહીશ કેમ, ટોળાં વછુટી મૃગલી જેમ;
જળવિના જેવી માછલી, મારા પ્રાણ જશે ટળવળી.

ધ્રુવ.

ટળવળ મારી માવડી તું હવે, દુઃખનો આવ્યો અંત;
બીજ રોપાવીશ સુખનું, તેને ફળ લાગશે અનંત.
અનંતકરૂણા કરશે હરી, આપણી આશા પુરશે ખરી;
એછે અનાથનોરે નાથ, તેને ભજવા જાઉં માત. ૧૩

સુરતી.

વળી માતા એમ ઉચરે, કુંવર પાંચ વરસનો તન;
બીજું બાળક એકે નથી, કેમ હું વાળું મન.
કેમ મોકલું વનની વાટે, કહેતાં મારાં હૈડાં ફાટે;
આંખનીઆગળ રહોને બાળ,ઘેરબેઠા ભજીયે ગોપાળ.

ધ્રુવ.

ઘેર ગોપાળ ન પામીયે, મનમાં મોહ ઉપજે મોહ;
ખાતાં પીતાં પહેરતાં, માતા કેમ દમાશે કાય.
કાયાદમતાં સરશે કાજ, તપ કરતાં મળશે મહારાજ;
વનમાં જઇ વહેલો આવીશ,માતા દો મુજને આશીષ.

સુરતી.

આશીષ દે છે માવડી સુતને, હજ્યો કુશળ કલ્યાણ;
મસ્તકે રક્ષા માતની, કંઠે કૃષ્ણની રક્ષા જાણ.
કંઠે કરજો કૃષ્ણ રક્ષણ, ઉરની આગળ નારાયણ;
કટી કેશવ પુરૂષોત્તમ પાય, એવી આશીષ દે છે માય.

માને આંસુ આવીયા, ત્યારે થંભીને રાખ્યાં નીર;
મારી જીભે કેમ કહું વળી, વનમાં વિચરો વીર.
વીર વચન કોનાં નવધરશો,તપકરતાં માયા નવ કરશો;
તપથી તમને મળશે હરી, વીરા વેગે પધારજો ફરી.

કવી.

ફેરા ફરીયો માતાને, ફરીને લાગ્યો ચર્ણ;
આજ્ઞા માગીને સંચર્યો, વંદીને શુકન.
શુકન મળી સવત્સીગાય, સુવાસણી બેડું ભરી જાય;
વરકન્યા પરણીને મળ્યા, વેદ ભણતા વિપ્રજ મળ્યા.
મળ્યા શુકન સૈ હરખના,ધ્રુવજી નિકળ્યા નગરબ્હાર;
આગળ જાતાં ધ્રુવજીને રે, મળીયા બ્રહ્મ કુમાર.
બ્રહ્મકુમારભગવાનને ચહાતા,હરીગુણગાતા વેણસુવાતા
કરજોડી કહે છે ભુપતન, ક્ષમા કરો તમે નારદ મુન્ય.

નારદ.

નારદ કહે શીદ જાઓ છો, શું છે તમારે કામ;
કોણ તમારાં માત પિતા ને, શું છે તમારૂં નામ.

ધ્રુવ.

મારૂં નામ છે ધ્રુવ નિરધાર, મારા પિતાને બે છે નાર;
રાવ રાણા બેઠા સોરંગ, ઉત્તમને તેડયો છે ઉછંગ.
ઉછંગ બેસવા હું ગયો, મારી ખાંત હૈયાની ખોલી;

દ્રષ્ટીએ મુજને દેખીને, અપરમા એમ બોલી.
અપર કહે અભાગણીકેરા,સુખ વાંછોતો વનજાઓ વે'લા
ફરી જન્મ લે મારે પેટ, તો તને રાજ અપાવીશ નેટ.
નેટ નારદ કેમ ભોગવું, એનું આપ્યું ધન;
સભા સઘળી દેખતાં, મને કીધા કઠણ વચન.
કઠણ વચન તે કેમ વીસરે, લોઢા સમ હોય તો નીસરે;
ખડગ તણોતેરાહીયેઘાય,પણએબોલ સઘાનવ જાય. ૨૨

નારદ.

જારે ઘેલા અત્યારથી તું, એવડો શો ધરે કાળ,
માન કુમાન શું તાહરે તું તો, પાંચ વરસનું બાળ.
બાળકને શા ધરવા બોલ, ખાઓ પીઓને કરો કલોલ;
અપરમાનાં એવાં હેત, વિચારીને વાળો ચેત. જે. ૨૩

ધ્રુવ.

ચિત્ત તે કઇ પેર વાળીયે, મને બોલાવ્યો નહિ બાપ;
કરાયમાં લેખ્યા નહિ હું તો, તે ઉકળું છું તાપ,
તાપકુંવરનઆણીયેરતી, સુખદુખનું કોઇ શારીગતનથી.
હરિએ લખ્યું તેમજહોય, કર્યાં કર્મ છોડાવેનહીકોય ૨૪
જે કાળે હરિ હાથ છે, તેનો ન ધરો હરખ ને શોક
આયુષ્યીવવ્યું જે આવી મળે, તેનો મન સંતોષ ધરે.

સંતોષી કુંવર ઘેર પધારો, અપરમાના બોલ વિશારો
આવકુંવરતારાબાપનેકહ્યું,રાજઅપાવુંનેમાને સહ્યું. ૨૫

ધ્રુવ.

સભામાં સું દેખાડીએ, સઉકામાં વળી નાક;
સભામાં જ્યારે શોભશું, મન પુરશે અભીલાખ;
લાખ લાખેણા કરશે હરી, ત્યારે મંદીર આવીશ ફરી;
તપ કરતાંજો હરીનામળે, તોમુજપ્રાણતજીશહુંબળે. ૨૬

નારદ.

બાળ કીધે હરિ નહિ મળે, માનો મારા તન;
જન્મથકી જોગી દેહ દમે, સ્વપ્ને નહી દરશન.
દર્શન તમને કેમ આપશે, વન જઇ વિમાસણ થશે;
વાઘવરૂ વનમાં બહુ હશે,તે દેખીતુજ તન ધ્રુજશે. ૨૭
જાસે ચિત્ત સંસારમાં ત્યારે, સાંભળશે રંગ ભોગ;
ભુખ તરશ જ્યારે લાગશે ત્યારે કુંવર મુકશો જોગ

ધ્રુવ.

જોગ રૂષી નહિ મુકુ સ્વામ, મન ઇંદ્રીયો રાખીશ ઠામ.
મેરૂ ચળે પણ ચુકું નહિ રૂષીજી તમપરતાપે સહિ. ૨૮

નારદ.

રૂષી કહે તું નીસર્યો ત્યારે જાને મધુવન માંય;
જુમનાજીમાં નાહિને, તપ આદરજે ત્યાંય.

ત્યાં જઇ કરજે અલ્પાશન, જળ પત્રને ફળ પ્રાશન,
વળી તું ભજજેહરીનું નામ,સ્વરૂપસમરજે શ્રીઘનસ્યામ
શ્યામને શીશ મુગટ છે કાને કુંડળ મકરાકાર,
કોટે કૌસ્તુભ કટીમેખળા, પાય નેપુરનો ઝણકાર,
પાય પદ્મ શંખ ચક્રને ગદા, એવું સ્વરૂપ સમરજેસદા
કાનમાં અક્ષર કહું છું જેહ, દ્વાદશ અક્ષરભણજેએહ ૩૦

નારદ.

એ કરતાં ખટ માસમાં, તુજને મળશે વૈકુંઠનાથ.
આશિર્વાદ દેઇ દાસને, મસ્તકે મુકયો હાથ.
હાથ જોડી ધ્રુવ લાગ્યોચરણ,આજ્ઞા માગી વિસર્યોવન
એ કથા રહી એણે ઠામ, રૂષિ પધાર્યા રાયને ગામ. ૩૧
મુની આવ્યા મહારાજપે, જોવા રાયતણું સુખ મન,
માન દીધાં બ્રહ્મ પુત્રને, વળી આપ્યાં આસન;
આપ્યાં આસન બેઠા રૂષિ આશા ઉત્તમ તાતને વશી;
આશારે રૂષી સુખના રાજ, ધ્રુવ વિના ચીંતાઆજ. ૩૨

રાજા.

આજ સભામાં રૂષિજી મારે, ઉત્તમ ખોળામાંય;
ધ્રુવજી હોય તો આજ વધે બહુ ઉછંગની સોભાય.
ઉછંગે બેસત્ત ધ્રુવજી આવ્યો તેને નવ બોલાવ્યો,

સ્રીને વરાંસે વિસર્યું બાળ અપરમાએ દીધીગાળ. ૩૩
રૂષિ એ વચને નીસર્યો વિરો ગયો છે વંન,
વનમાં વાઘ વરૂ હશે, તેને દેખી ધ્રુજશે તન.
તન ધ્રુજશે તડકે ટાઢે મંદીરમાં માલતો લાડે;
વાયુ વૃષ્ટિ કેમ સહેશે કુમાર,એની કાયા કોમળસાર. ૩૪
કોમળ પટકુળ પહેરતો, કેમ ઓઢશે મ્રગચ્યમર તેહ,
મુસ્તક બાંધતો મોળીયું, કેમ જટા રાખશે એહ;
એહ આનંદે હરતો ફરતો, ઘોડાની અસ્વારી કરતો;
કાંટામાં કેમ સહેશે બાળ, એનિ સજ્યા અહીછેસાર. ૩૫
સારાં અન આરોગતો, તે ફળ પતરો કેમ ખાશે;
પાણી પીતો પળે પળે, તે જળવિણ કેમ રહેવાશે,
તેની વતી રહેવાશે કેમ, તેહ વિના હું દાઝું એમ;
શુદ્ધ વિનાનોથયો શરીર વીસરતોનથીતેહજ વીર. ૩૬
વળી વીરો અહીંયાં આવતો રમતો રંગ અપાર,
ભુખ તરશ જ્યારે લાગતી સુખડી માગતો સાર;
સારી સુખડી સુંદર મેવા, કાલુ કાલુ બોલતો લેવા,
તેણે અમને કીધાં તાજ પુત્ર વિનાશું કરવું રાજ. ૩૭
શું કરીયે વડી સાહ્યબી ચીત ઠરતું નથી કોઈ ઠામ;
શું કરીયે રાજને શું કરીયે ધન ને ધામ.

ધન ગયું અમારૂં આજ પુત્ર વિના સહુ સુનેસાજ;
પુત્ર વિના હું દુર્બળ દુઃખી મારા પ્રાણ જશે રે રૂષી.

નારદ.

ચીંતા ન કરશો રાય તમે, મને મળ્યું હતું તે બાળ;
આશીર્વાદ દઇ મોકલ્યો ભજવા શ્રી ગોપાળ.
ગોપાળ ભજશે દિવસ થોડે, કુંવર ઘેર પધારશે કોડે;
માંડો રાજ્યને છોડો દુઃખ, એવું કહીને વળીયા રૂપ.

કવી.

રૂષી ચરણે લાગીને ધ્રુવ, વીચર્યો વન મોઝાર;
મધુવન પહોંચ્યો પ્રેમથી, કીધો ત્યાં જઈ તપ વિચાર;
ત્યાં જઈ માસ કીધા ઉપવાસ, બીજે માસે ફળ કંદ પ્રાસ
ત્રીજે માસ છઠે દીન એમ, ચોથે માસે જળનાં નેમ.
નેમ ધરીને નેહથકી ભજે, ઇશ્વર અશરણ શરણ;
પાંચમે પ્રાણજ રૂંધીયા, ધ્રુવજી ઉભા રહ્યા એક ચર્ણ.
ચર્ણ ચતુર્ભુજ ચિતમાંધર્યા,દ્વાદશઅક્ષર મનમાં ભણ્યા,
એમકરતાં વીત્યા છમાસ,રૂદીયામાં ઓળખ્યા અવિનાશ.
અવિનાશીને ઓળખીયા રે, એમ ઉભો રાજન
પૃથ્વી લાગી ડોલવા ત્યારે ડોલ્યું ઇંદ્રાસન
ઇંદ્ર અમર સૌ એકઠા થયા વેગે કરી વૈકુંઠે ગયા

જઇ કેશવને લાગ્યા પાય, મધુવનમાં કોઇ કુડે કાય.

દેવતા.

કાયા કષ્ટી વશ રાખવી એ ઇંદ્રી મન અચેત;
અચરત એતો અતી ઘણું, એમ બોલ્યાઅમરધરી હેત
અમર કહે અમનેબીકલાગી રખે લીયે ઇંદ્રાસન માગી

વીષ્ણું.

વિષ્ણુકહેસાંભળશુરપતીરાજ્યભોગ એ ઇછતો નથી ૪૩
નથી ઇચ્છતો સંપત્તિને કે, નથી ઇચ્છતો સુખ નેહ;
ચરણ ધર્યાં ચીતે મારાં, ક્ષણુ અળગો ન મુજથી એહ.
મુજથકી અળગો નહીં એહ. એણે દમી છે પુરણ દેહ;
સદા સ્મરણ રાખે છે મારૂં, કહોજી એને કેમ
વિસાર્યો વિસરે નહી, એને આપીશ અવિચળ અર્થ;
નામ નહિ લે તે તમતણું, કાં બીહો હો વ્યર્થ.

કવી.

ઇંદ્રતણી આસનાવાસના કરી,સુર સ્થાનક મોકલ્યા ફરી;
ગરૂડે ચઢી ચાલ્યા શ્રી હરી, વનમાં આવ્યા વેગે કરી.
કર્યો નાદ જ્યારે શંખનો, ત્યારે ધ્યાનમાંથી ધ્રુવ જાગ્યા
નેત્ર ભરી નિહાળીને રે, પ્રેમશું પાયે લાગ્યા.
પ્રેમે કરી પ્રણમ્યા નાથ, હરીએ મેલ્યો મસ્તક હાથ;
નિર્મળ વાણી એવી પ્રકાશ, સ્તુતિ કરે કરજોડી દાસ.

ધ્રુવ.

દાસ દયાળને વિનવે તમો, સર્વ જગતના ભુપ;
તમારી ગતી છે ન્યારી, અકળ તમારૂં સ્વરૂપ.
સ્વરૂપ નામ તમારાં જેહ, ગણતાં પાર ન પામું તેહ;
વાતે છો તમે સ્યામ, પ્રાણીમાત્ર કરે પ્રમાણ.
પ્રણામી પરમાત્મા શ્રી હરી, સારંગપાણી હોય;
અદભુત શક્તિ આપની, તારો પાર ન જાણે કોય.
પાર ન જાણે કોય લગાર, હું કેમ પામીશ તારો પાર;
એવું સુની હરખ્યા નરહર,કુંવર કાંઇએક માગ તું વર.
વર કેમ માગું વિઠલા, હું તો કરીશ તમારી સેવા;
વિષયભોગ સંસાર છે એતો, સુપનાનાં સુખ જેવાં.
સુપના જેવી કાચી કાયા, સંસારની શી ધરવી માયા;
માયામાં ન મને મોકલો, વાહીને ન કરો વેગળો.
વેગળો વીરા ન ક્ષણ કરૂં, વળી તું વહેલો આવીશ;
જે ફળ દુર્લભ દેવને મળવું, તે ફળ તું પામીશ.
તે ફળ તુજને આપું આજ,સંસારમાં તારી રહે લાજ
લોક કહે રઝળીને મુવો, સ્વજનોમાંથી પડયો જુજવો.
પડયો સ્વજનથી જુજવો, ત્યારે સુરતીને દુઃખ થાય;
ઘેર જાને વીરા તું, તારી વાટ જુવે છે માય.

મા ને બાપતણાં દુઃખકાપો, ઇહાંથી જઇ સૌને સુખઆપો
મારી આજ્ઞા પાળજ આજ, છત્રીસહજારવરસ ભોગવરાજ
રાજ્ય ભોગવી તું આવજે, તારૂં થશે જગતમાં જાણુ.
જાણુ જગતમાં થાશે રાય, તેણે વધશે તુજ મહિમાય.

કવી.

આપી વચન વળ્યા ગોપાળ, જમુનાજીમાં નાહ્યું બાળ;
બાળકને મારગમાં જાતાં, ઉપન્યો મન વિચાર;
જે ફળ દુર્લભ દેવ ગણે, તે મને મળ્યા મોરાર.
મળ્યા મોરાર પણ હું નહિફાવ્યો, હરીભજીને માયાલાવ્યો
આગળ રૂષીજી કહેતા એમ, તમને ત્રીકમ મળશે કેમ.
મુજને ત્રીકમજી મળ્યા, મેં તો જાવા દીધા ફોક;
ફરી જઇશું સંસારમાં, મને હસશે દુરીજન લોક.
લોક કહેશે એની બુદ્ધિ થોડી, રત્ન આપીને લાવ્યો કોડી;
પણ એકજશ હું મોટો લાવ્યો, હરીના દર્શન કરીને આવ્યો

લોકો.

હરી દર્શન કરીને આવ્યો રે, રાય તમારો તન;

રાજા.

હું દુઃખીઆને શું હસો રે, તમે તે સર્વ જન.
દુઃખીઆને શું હસવા સાચા, બનેગયા કેમ-આવેપાછા

વન ગયે થયા ખટમાસ, તે કુંવરનો શો વિશ્વાસ.

કવી.

ઉર વિશ્વાસ ન આવ્યો, ત્યારે આવ્યા નારદ મુન્ય;

નારદ.

દર્શન કરીને આવ્યો રે, રાય તમારો તન.

રાય તમારો તન ઘણું જીવો, એ કુળમાં પ્રગટયોછે દીવો.

કવી.

વચનસુણી રીજ્યા નૃપતિ, વળતી વધામણી આપી અતિ

વધામણીમાં આપ્યા રૂડા, રાયે એકાવળ હાર;

રથે બેસીને સંચરીયા, ને સાથે સુત બે નાર.

નારી શીરે સુવર્ણ ઝારી, ભેટ ભણી લીધી છે ભારી;

રાય રથેથી ઉતર્યા, પુત્રે પ્રણામ્યા તે વારે.

સુરતી.

વીરા હું જોતી વાટ, તેં મારો ટાળ્યો ઉચાટ.

કવી.

ઉચાટ મનનો ટાળ્યો, કુંવર તેડયો આનંદભેર;

હેતનાં આંસુ આવ્યા ત્યારે, દુધની ચાલી સેર.

સેરચાલી તે કુંવરે પીધી, માતાએ ઘણી આશીષ દીધી;

સુરતી.

ઘણું હર્ષ જીવો રે તન, તમે કર્યાં છે કુળ પાવન;

પાવન કરીયાં કુળ આપણાં, વંશે વધાર્યાં નામ;
મહિમા વધાર્યો જગતમાં, તે તેં ભજીને શ્રી રામ.

કળી.

રામ ભક્ત તડાકામાં દીઠા, ઉત્તમે ત્યાં છાંટણા દીધા;
બન્ને ભાઇની પોતી રળી, હેતના આંસુ આવ્યા વળી.
વળી રોપાવ્યા બારણા આગળ, કોમળ કેળના થંભ;
અક્ષત અંકુર કુમકુમને જળ, ભરી ચઢાવ્યા કુંભ.
કુંભ ઉપર અક્ષર લખીયાજ, ધ્રુવને અવિચળ હોજો રાજ
ઢોલ દદામા ભેરી નાદ, ધ્રુવ પધાર્યા નીજ પ્રાસાદ.
પ્રાસાદમાંહી પધાર્યા ત્યારે, હરખ્યો સઘળો સાથ;
ભાવતાં ભોજન પીરસ્યાં ત્યારે, કાઢી વિવાની વાત.
વિવાહ કીધો અહલ્યાસાથે, પ્રેમે કરી પરણાવ્યા નાથે;
ઇંદ્રની કુંવરી ને રાજકુમાર, ધ્રુવજી પરણ્યા બીજીનાર.
નારી સાથે રંગે રમે, સુખમાં કાઢે દન;
રાજાએ વળી તેને આપ્યું, પોતાનું આસન.
આસને બેઠા ધ્રુવજી જાણ, વરતાવી પોતાની આણ;
શાસ્ત્ર પ્રમાણ કરી નિરધાર, વરતાવે વરણાશ્રમ ચાર.
વર્ણાશ્રમના ધર્મ બધાને, સમજાવે સુજાણ;

ધ્રુવ.

આપઆપના ધર્મ પાળીયે, જે લખ્યું હોય નીર્વાણ:
નીર્વાણશાસ્ત્ર સુણેરે બ્રહ્મ, આયુદ્ધ બાંધવા ક્ષત્રીધર્મ.
વૈશ્યને કરવા ખેતી વેપાર, શુદ્રને સેવાનો અધીકાર;
સેવા તો સઘળી વરણને, હરી ભજોને નિત્ય;
વરણ ધર્મ સૌ પાળીએ, સાચું બોલીયે તે શુભ રીત.
સાચું બોલી સંતોષવાળીએ,મોહમાયા મત્સર ટાળીએ;
ન કરો કુડકપટ અન્યાય, એટલી શીખામણ દેછે રાય.
છત્રીસહજારવર્ષ વહીગયાં ત્યારે, આવ્યું વિમાન પાસ;
વિમાન બેશીને સંચર્યા, ધ્રુવજી ગયા આકાશ.
આકાશમાં ધ્રુવજી બેઠાજઇ,અવિચળપદ તો પામ્યા તહીં
જે ગાયે ધ્રુવનું આખ્યાન, તે તો પામે અવિચળ સ્થાન
જે જે વૈકુંઠરાય. ૬૬

સમાપ્ત

..ગારી નિશાળના અનુભવી ગ્રેજ્યુએટ શિક્ષકના હાથ આવી જાતનું કોઈ પણ પુસ્તક લખાયું હોય તો તે આજ છે.

ધી ગાઇડ ટુ ઇંગ્લીશ ટીચર.

પોતાની મેળે ઘેર બેઠાં વગર માસ્તરે થોડા વખત અને થોડી મહેનતમાં રિતસર અંગ્રેજી શિખવું હોય ધી ગાઇડ ટુ ઇંગ્લીશ ટીચર જરૂર ખરીદજો. અક્ષર જ તાર, કાગળ, અરજીઓ વગેરે લખતાં, વાંચતાં શીખવા આ પુસ્તક ઘણુંજ ઉમદા સાધન છે. આ પુસ્તકની અંદર હરેક વિષયની સમજ, એવીજ સાદી અને સરળ રીતે આપવામાં આવી છે કે, ગમે તેવા શિખાઉ માણસને પણ સમજતાં જરાએ મહેનત પડતી નથી. બીજાઓની માફક આ પુસ્તકના જુદા જુદા ભાગો કર્યા નથી પણ એકજ પુસ્તકની અંદર જરાએ જરા ઉપયોગી બાબતોનો સમાવેશ ઘણીજ બાહોશીથી કરવામાં આવ્યો છે. વધુ તારીફ કરતાં એકવાર ચોપડી મંગાવી ખાત્રી કરવા અમો ભલામણ કરીએ છીએ. કી. રૂ. ૧ા પોસ્ટેજ માફ.

બીજી કોઇપણ જાતની ચોપડી જોઇતી હોય તો એ આનાની ટીકીટ બીડી અમારૂં મોટું સુચીપત્ર મંગાવો.

બુકસેલર સાકરલાલ બુલાખીદાસ.

ઠે. રીચીરોડ—અમદાવાદ.